dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 218 | AD - 2026, Vaishakh Vad -13 | Friday, Dt. 15-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### વાવાઝોડાના પ્રચંડ વેગને કારણે એક યુવક ટીનશેડ સાથે હવામાં લગભગ ૫૦ ફૂટ સુધી ઉડ્યો હતો અને ૧૦૦ મીટર દૂર ખેતરમાં જઈને પડ્યો

# યુપીમાં વાવાઝોડા અને વીજળી પડવાથી ૯૪ લોકોના મોત

નવી દિલ્હી,તા.૧૪

ભારતના હવામાનમાં હાલમાં અત્યંત વિરોધાભાસી અને ચિંતાજનક સ્થિતિ જોવા મળી રહી છે. એક તરફ ઉત્તર ભારતના કેટલાક વિસ્તારો કુદરતી હોનારત સમાન વાવાઝોડાનો સામનો કરી રહ્યા છે, તો બીજી તરફ પશ્ચિમ અને મધ્ય ભારત ભીષણ હીટવેવની ચપેટમાં છે. કુદરતના આ રૌદ્ર સ્વરૂપે ખાસ કરીને ઉત્તર પ્રદેશમાં ભારે વિનાશ વેર્યો છે, જ્યાં બુધવારે આવેલા ભયાનક વાવાઝોડા અને વીજળી પડવાની ઘટનાઓમાં કુલ ૯૪ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આ આંકડો હચમચાવી દેનારો છે અને સૂચવે છે કે પર્યાવરણીય ફેરફારો કેટલી હદે માનવ જીવન માટે જોખમી બની રહ્યા છે. પ્રયાગરાજ અને ભદોહી જેવા જિલ્લાઓમાં સૌથી વધુ ખુવારી નોંધાઈ છે, જે આ કુદરતી આપત્તિની તીવ્રતા દર્શાવે છે. ઉત્તર પ્રદેશના ૩૦ જેટલા જિલ્લાઓમાં બુધવારનો દિવસ કાળમુખો સાબિત થયો હતો. રાજ્યમાં અંદાજે ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયેલા પવનોએ ભારે તારાજી સર્જી હતી. આ વાવાઝોડામાં પ્રયાગરાજમાં ૧૭ અને ભદોહીમાં ૧૬ લોકોના કરુણ મોત થયા હતા, જ્યારે મિર્ઝાપુરમાં પણ ૧૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ફતેહપુર, બદાયૂં, પ્રતાપગઢ અને બરેલી જેવા વિસ્તારોમાં પણ જાનહાનિના અહેવાલો મળ્યા છે. બરેલીમાં તો એક અત્યંત ચોંકાવનારી ઘટના બની હતી, જેમાં વાવાઝોડાના પ્રચંડ વેગને કારણે એક યુવક ટીનશેડ સાથે હવામાં લગભગ ૫૦ ફૂટ સુધી ઉડ્યો હતો અને ૧૦૦ મીટર દૂર ખેતરમાં જઈને પડ્યો હતો. સદનસીબે આ યુવકનો બચાવ થયો છે પરંતુ તેને ગંભીર ઈજાઓ




પહોંચી છે. આ કુદરતી આફતને કારણે માત્ર જાનહાનિ જ નહીં, પરંતુ માલમિલકતને પણ મોટું નુકસાન થયું છે. બારાબંકી, સીતાપુર અને દેવરિયા જેવા જિલ્લાઓના અંદાજે ૨૦૦૦થી વધુ ગામડાઓમાં વીજળી ગુલ થઈ ગઈ છે, જેના કારણે લાખો લોકો અંધારપટમાં જીવવા મજબૂર બન્યા છે. વાવાઝોડાને કારણે ખેતીના પાકને પણ વ્યાપક નુકસાન થયું હોવાના અંદાજો છે. હવામાન વિભાગે હજુ પણ રાજ્યના ૫૧ જિલ્લાઓમાં ભારે વાવાઝોડા અને વરસાદનું એલર્ટ જારી રાખ્યું છે, જે આગામી સમયમાં સ્થિતિ વધુ વણસી શકે તેવી આશંકા જન્માવે છે.જ્યારે ઉત્તર પ્રદેશ વાવાઝોડા સામે લડી રહ્યું છે, ત્યારે પડોશી રાજ્ય રાજસ્થાન અને મધ્ય પ્રદેશ અસહ્ય ગરમીનો સામનો કરી રહ્યા છે. રાજસ્થાનનું જેસલમેર સતત ચોથા દિવસે દેશનું સૌથી ગરમ શહેર રહ્યું છે, જ્યાં તાપમાનનો પારો ૪૬.૧ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો છે. બીકાનેર, જોધપુર અને બાડમેર જેવા વિસ્તારોમાં ગરમીનું રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જેનો અર્થ છે કે લોકોએ બપોરના સમયે બહાર નીકળવાનું ટાળવું જોઈએ. મધ્ય પ્રદેશની હાલત પણ કંઈક આવી જ છે, જ્યાં ખજુરાહોમાં ૪૫.૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. ઈન્દોર અને ઉજ્જૈન જેવા શહેરોમાં હીટવેવનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આ રાજ્યોમાં 'વોર્મ નાઈટ' એટલે કે રાત્રિના સમયે પણ તાપમાન ઊંચું રહેવાની શક્યતા હોવાથી લોકોને જરા પણ રાહત મળી રહી નથી.હરિયાણામાં પણ તાપમાનમાં સતત વધારો જોવા મળી રહ્યો છે અને આગામી દિવસોમાં હીટવેવની ચેતવણી આપવામાં આવી છે. બીજી તરફ પૂર્વ ભારતના બિહાર રાજ્યમાં હવામાન તદ્દન અલગ છે. ત્યાંના પૂર્ણિયા અને કટિહાર જેવા જિલ્લાઓમાં ભારે વરસાદ અને વાવાઝોડાનું ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. બિહારમાં આગામી બે દિવસમાં ભારે વરસાદની શક્યતા હોવાથી ગરમીથી રાહત મળી શકે છે, પરંતુ પવનની ગતિ જોખમી સાબિત થઈ શકે છે. ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં પણ વરસાદી માહોલ રહેવાની સંભાવના છે.

# ભારતીય ચૂંટણી પંચની ૧૬ રાજ્ય, ૩ કેન્દ્ર શાસિત પ્રદેશો માટે 'સર'ના ત્રીજા તબક્કાની જાહેરાત

નવી દિલ્હી,તા.૧૪

ભારતીય ચૂંટણી પંચે તાજેતરમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ના ત્રીજા તબક્કાની જાહેરાત કરીને દેશના મોટા ભાગના વિસ્તારોમાં મતદાર ડેટાને સચોટ બનાવવાની દિશામાં ગતિ વધારી છે.

આ તબક્કા હેઠળ દેશના ૧૬ રાજ્યો અને ૩ કેન્દ્રશાસિત પ્રદેશોના આશરે ૩૬.૭૩ કરોડ મતદારોના દસ્તાવેજો અને વિગતોની ચકાસણી કરવામાં આવશે. આ પ્રક્રિયામાં



હરિયાણા, મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવા મોટા રાજ્યો સહિત પૂર્વોત્તરના રાજ્યોને પણ આવરી લેવામાં આવ્યા છે. દિલ્હીમાં આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આગામી ૭ ઓક્ટોબરના રોજ આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે જે આગામી ચૂંટણીઓ માટે નિર્ણાયક સાબિત થશે. વહીવટી દ્રષ્ટિએ જોઈએ તો આ કાર્યને સફળ બનાવવા માટે અંદાજે ૩.૯૪ લાખ બૂથ લેવલ અધિકારીઓ મેદાનમાં ઉતરશે જેમને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ પણ સહયોગ આપશે.

અગાઉના બે તબક્કામાં પંચે સફળતાપૂર્વક ૫૯ કરોડ મતદારોને આવરી લીધા હતા અને હવે માત્ર હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ જેવા પ્રદેશો બાકી રહેશે જ્યાં પ્રતિકૂળ હવામાન અને અન્ય વહીવટી કારણોસર આ પ્રક્રિયા મોડી શરૂ કરવામાં આવશે. આ રીતે તબક્કાવાર કાર્ય પધ્ધતિથી સમગ્ર ભારતની મતદાર યાદી આધુનિક અને પારદર્શક બનશે.

# મધ્યપ્રદેશના દેવાસ જિલ્લામાં ફટાકડાની ફેકટરીમાં વિસ્ફોટથી ૧૦ના મોતની આશંકા

દેવાસ,તા.૧૪

મધ્ય પ્રદેશના દેવાસ જિલ્લામાં ગુરુવારે સવારે એક અત્યંત દુખદ અને હૃદયદ્રાવક ઘટના બની હતી. જિલ્લાના ટોંક કલાન વિસ્તારમાં આવેલી એક ફટાકડાની ફેક્ટરીમાં અચાનક પ્રચંડ વિસ્ફોટ થતા સમગ્ર વિસ્તાર ધણધણી ઉઠ્યો હતો. સવારે અંદાજે ૧૧:૩૦ વાગ્યે થયેલા આ બ્લાસ્ટમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ભીષણ વિસ્ફોટમાં અનેક શ્રમિકો



ગંભીર રીતે ઘાયલ થયા હોવાના પણ અહેવાલ છે. વિસ્ફોટની તીવ્રતા એટલી જોરદાર હતી કે આસપાસના રહેણાંક વિસ્તારોમાં પણ ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટના બાદ તરત જ સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા ફોટા અને વીડિયોમાં જોઈ શકાય છે કે ગ્રામજનો અને અન્ય લોકો ઘાયલોને પોતાના હાથમાં ઉઠાવીને હોસ્પિટલ પહોંચાડવા માટે ફેક્ટરી સાઈટથી દૂર લઈ જઈ રહ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે જ્યાં તેમની હાલત નાજુક હોવાનું જણાવાઈ રહ્યું છે. ઘટનાની ગંભીરતાને જોતા પોલીસ અને વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ બચાવ ટીમ સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા. હાલમાં કાટમાળ નીચે દબાયેલા લોકોને બહાર કાઢવા માટે રાહત અને બચાવ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. જોકે, વિસ્ફોટ કયા કારણોસર થયો તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. વહીવટીતંત્ર દ્વારા બચાવ કામગીરી પૂર્ણ થયા બાદ આ મામલે સઘન તપાસ શરૂ કરવામાં આવશે.

### મહારાષ્ટ્ર-રાજસ્થાનમાંથી ૩-૩ અને એક હરિયાણાથી ઝડપાયો

# નીટ પરીક્ષા પેપર લીક મામલે ૭ આરોપીઓની ધરપકડ

નવી દિલ્હી,તા.૧૪

NEET પરીક્ષાના પેપર લીક મામલે તપાસ તેજ બની છે અને અત્યાર સુધીમાં મહારાષ્ટ્ર, રાજસ્થાન અને હરિયાણામાંથી કુલ સાત લોકોની અટકાયત કરવામાં આવી છે. આ ધરપકડમાં મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાંથી ત્રણ-ત્રણ વ્યક્તિઓ અને હરિયાણાના એક યુવકનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રના પુણેમાંથી મનીષા વાઘમારે નામની બ્યુટિશિયન અને અહિલ્યાનગરમાંથી




ધનંજય લોખંડેની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે નાસિકમાંથી શુભમ ખૈરનારને કસ્ટડીમાં લેવાયો છે. હાલમાં CBI આ ત્રણેયની ઊંડી પૂછપરછ કરી રહી છે જેથી આ નેટવર્કના મૂળ સુધી પહોંચી શકાય. બીજી તરફ, રાજસ્થાનમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ સીકરના કન્સલ્ટન્સી સંચાલક રાકેશ મંડાવરિયા સહિત દિનેશ અને માંગીલાલ બિવાલ નામના બે ભાઈઓની ધરપકડ કરી છે. આરોપ છે કે આ ભાઈઓએ પેપર ખરીદીને આગળ વેચ્યા હતા. SOG ના અંદાજ મુજબ રાજસ્થાનમાં અંદાજે એક હજાર જેટલા ઉમેદવારો સુધી આ લીક થયેલું પેપર પહોંચ્યું હતું. આ ઉપરાંત હરિયાણાના ગુરુગ્રામમાંથી BAMS ના પ્રથમ વર્ષના વિદ્યાર્થી યશ યાદવને પણ કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટનાક્રમ પેપર લીક માફિયાઓના મજબૂત નેટવર્ક તરફ ઈશારો કરે છે.

# કેરલમના મુખ્યમંત્રી તરીકે વીડી સતીશનના નામની કરાઈ જાહેરાત

કોચીન,તા.૧૪

કોંગ્રેસ નેતા વીડી સતીશન કેરળના આગામી મુખ્યમંત્રી બનશે. કોંગ્રેસે ગુરુવારે રાજ્યના ચૂંટણી પરિણામો જાહેર થયાના ૧૦ દિવસ પછી તેની જાહેરાત કરી. સતીશન પારાવૂર બેઠક પરથી ધારાસભ્ય છે. કોંગ્રેસ નેતા દીપા દાસમુનશીએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે કોંગ્રેસે ૭ મેના રોજ તિરુવનંતપુરમમાં બેઠક યોજી




હતી. પાર્ટી અધ્યક્ષ ખડગે, રાહુલ ગાંધી સાથે ચર્ચા કર્યા બાદ નક્કી કરવામાં આવ્યું કે કેરળના CM વીડી સતીશન હશે. નામની જાહેરાત થયા બાદ સતીશને કહ્યું- હું આ પદને વ્યક્તિગત સિધ્ધિ નહીં પરંતુ દૈવી કૃપા માનું છું.

હું વેણુગોપાલ, રમેશ ચેન્નીથલા સહિતના તમામ નેતાઓને મારા વિશ્વાસમાં લઈશ. કેરળના મુખ્યમંત્રી પદ માટે ત્રણ નેતાઓ કેસી વેણુગોપાલ, રમેશ ચેન્નીથલા અને વી ડી સતીશનના નામ ચર્ચામાં હતા. અંતે સતીશનના નામ પર મહોર લાગી છે.







**તંત્રની ઢીલી કામગીરીને કારણે બાળકો અને વડીલો ઘરની બહાર નિકળતા ડરી રહ્યા છે**

# અમરેલીના પાણી દરવાજા પાસે શ્વાનનો આંતક, ચારથી વધુ લોકોને બટકા ભર્યા

અમરેલી,તા.૧૪

અમરેલી શહેરના પાણી દરવાજા પાસે છેલ્લા કેટલાક સમયથી રખડતા શ્વાનોએ માઝા મૂકી છે જેના કારણે સ્થાનિક રહીશોમાં ભારે ફફડાટ અને ચિંતાની લાગણી વ્યાપી ગઈ છે. સામાન્ય રીતે શાંત ગણાતા આ વિસ્તારમાં હવે લોકો ઘરની બહાર નીકળતા પણ ડર અનુભવી રહ્યા છે. ગત રોજ બનેલી ઘટનાએ તો આખા શહેરને હચમચાવી દીધું છે કારણ કે માત્ર એક જ દિવસમાં પાણી દરવાજા સ્વામિનારાયણ મંદિર પાસે શ્વાનોના ટોળાએ ઘણા નિર્દોષ લોકોને નિશાન બનાવી બચકા ભરીને લોહીલુહાણ કરી નાખ્યા હતા. આ ઘટના બાદ સમગ્ર પંથકમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે અને લોકોમાં તંત્ર પ્રત્યે ભારે રોષ ફાટી નીકળ્યો છે. શહેરની ગલીઓ, મુખ્ય રસ્તાઓ અને રહેણાંક વિસ્તારોમાં શ્વાનોના મોટા ટોળેટોળા જોવા મળે છે જે રાહદારીઓ અને વાહનચાલકો માટે જોખમી સાબિત થઈ રહ્યા છે. બાળકો હવે શેરીમાં એકલા રમવા માટે ડર અનુભવી રહ્યા છે અને માતા-પિતા તેમને બહાર મોકલતા ડરે છે. વહેલી સવારે કે મોડી સાંજે ચાલવા નીકળતા વડીલો પર પણ



હુમલાની ભીતિ સતત સેવાઈ રહી છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે નગરપાલિકા અને સંબંધિત તંત્રને અનેકવાર મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં અત્યાર સુધી આ રખડતા શ્વાનોના નિયંત્રણ માટે કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. તંત્રની આ ઢીલી નીતિને કારણે શ્વાનોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે અને હુમલાની ઘટનાઓ દિન-પ્રતિદિન વકરી રહી છે. નિષ્ણાંતોના મતે શ્વાન કરડવાની બાબતને ક્યારેય હળવાશથી લેવી જોઈએ નહીં કારણ કે શ્વાનની લાળમાં રહેલો રેબિઝ વાયરસ અત્યંત જીવલેણ હોય છે જે વ્યક્તિનો જીવ પણ લઈ શકે છે. આવી સ્થિતિને જોતા અમરેલીના લોકો હવે એક જ માંગ કરી રહ્યા છે કે તંત્ર જાગે અને શ્વાનોને પકડવાની તેમજ તેમના ખસીકરણની કડક કાર્યવાહી તાત્કાલિક ધોરણે શરૂ કરે જેથી વધુ કોઈ નિર્દોષ વ્યક્તિ શ્વાન કરડવાનો ભોગ ન બને.

# રાજુલા નજીક વાહન હડફેટે સિંહબાળનું મોત

અમરેલી,તા.૧૪

ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે ફરી એકવાર વન્યજીવો માટે રક્તરંજિત સાબિત થયો છે. રાજુલા તાલુકાના દાતરડી ગામ પાસે માર્ગ ઓળંગી રહેલા એક વર્ષના માસૂમ સિંહબાળને અજાણ્યા વાહને પૂરપાટ ઝડપે ટક્કર મારતા તેનું કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટનાએ વન્યજીવ પ્રેમીઓમાં ભારે આક્રોશ જન્માવ્યો છે કારણ કે આ વિસ્તારમાં અગાઉ પણ અનેક સિંહો અને દીપડાઓએ વાહનો કે ટ્રેનની અડફેટે જીવ ગુમાવ્યા છે. નેશનલ હાઈવે પર વાહનોની અનિયંત્રિત ગતિ અને વન્યજીવોની અવરજવર માટે સુરક્ષિત કોરિડોરનો અભાવ આ પ્રકારની દુર્ઘટનાઓ પાછળનું મુખ્ય કારણ માનવામાં આવે છે. જો વન વિભાગ અને માર્ગ પરિવહન



તંત્ર દ્વારા ગંભીરતા દાખવીને હાઈવે પર સ્પીડ બ્રેકર્સ અથવા ફેન્સિંગ જેવી વ્યવસ્થા કરવામાં નહીં આવે, તો એશિયાટિક સિંહોના અસ્તિત્વ પર ખતરો વધતો રહેશે.

**સિંહબાળનું મોત નિપજાવનાર કારચાલક ઝડપાયો**

ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર રાજુલાના દાતરડી ગામ નજીક સિંહબાળને ટક્કર મારી મોત નીપજાવનાર સ્વીફ્ટ કારના ચાલકની વનવિભાગે કોબડી ટોલનાકા પાસેથી અટકાયત કરી છે. સીસીટીવી ફૂટેજ અને સઘન તપાસના આધારે રાજુલા વનવિભાગની ૪ ટીમોએ ગણતરીના કલાકોમાં આ અકસ્માતનો કેસ ઉકેલી નાખ્યો છે.

# જાફરાબાદ ખાતે ડીવાયએસપીના અધ્યક્ષ સ્થાને લોક દરબાર યોજાયો

જાફરાબાદ,તા.૧૪

જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે તાજેતરમાં Dy.SP. નયનાબેન ગોરડીયાના અધ્યક્ષસ્થાને એક મહત્વપૂર્ણ નિરીક્ષણ અને લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરના વિવિધ સમાજના અગ્રણીઓ, આસપાસના ગામોના સરપંચો અને વિવિધ સંગઠનોના હોદ્દેદારો સહિત



મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ લોકદરબારનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક સ્તરે કાયદો અને વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાનો તેમજ નાગરિકોના કાયદા સંબંધિત પ્રશ્નો અને પાયાની સમસ્યાઓ સાંભળીને તેનું યોગ્ય નિરાકરણ લાવવાનો હતો. લોકોએ ઉત્સાહપૂર્વક પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા જેના પ્રત્યુત્તરમાં સકારાત્મક ખાતરી આપવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન Dy.SP. દ્વારા જાફરાબાદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વિવિધ ગુનાઓની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

# ધારી બાયપાસ પર કારે એક્ટિવાને હડફેટે લેતા બે યુવકોને ઈજા

ધારી, તા. ૧૪

ધારી-ચલાલા હાઈવે પર ખોડિયાર મંદિરના પાટિયા પાસે આવેલી સાવજ હોટલ નજીક એક અકસ્માત સર્જાયો હતો. રોંગ સાઈડમાં પૂરપાટ ઝડપે આવતી એક અજાણી ફોરવ્હીલ કારના ચાલકે એક્ટિવા સવાર બે યુવકોને જોરદાર ટક્કર મારી હતી અને અકસ્માત સર્જી ચાલક કાર લઈને નાસી છૂટ્યો હતો.પ્રાગજીભાઈ નનુભાઈ સાપરીયા (ઉ.વ.૬૫) એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના કૌટુંબિક ભાઈ અને અન્ય એક યુવક ટીવીએસ જ્યુપિટર લઈને ધારીથી ચલાલા તરફ જઈ રહ્યા હતા. ત્યારે બાયપાસ પર સાવજ હોટલ પાસે પહોંચતા સામેથી ખોટી દિશામાં (રોંગ સાઈડ) આવતી એક અજાણી કારના ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી એક્ટિવાને અડફેટમાં લીધું હતું. આ અકસ્માતમાં એક્ટિવા પર સવાર બંને યુવકો રોડ પર ફંગોળાયા હતા. જેમાં એક યુવકને માથાના ભાગે, ખભા પર અને હાથે-પગે ઈજાઓ પહોંચી હતી, જ્યારે અન્ય યુવકને પણ ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માત સર્જ્યા બાદ કાર ચાલક ફરાર થઈ ગયો હતો. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. માઢક આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.




# કાળઝાળ ગરમીમાં લાઠીવાસીઓ માટે છાશ કેન્દ્ર આશીર્વાદરૂપી બન્યું

લાઠી, તા. ૧૪

અત્યારની કાળઝાળ ગરમીમાં લાઠી શહેરમાં અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા 'છાશ સેવા યજ્ઞ' શરૂ કરવામાં આવ્યો છે. પરમ પૂજ્ય નમ્રમુનિ મહારાજની પ્રેરણાથી આ પહેલ અંતર્ગત દરરોજ ૩૫૦૦થી ૪૦૦૦ લોકોને શુધ્ધ અને ઠંડી છાશનું નિશુલ્ક વિતરણ કરાય છે. આ સેવાનો મુખ્ય હેતુ લોકોને



ગરમીથી રાહત આપવાનો છે. લાઠીના વિસ્તારોમાં છાશનું વિતરણ કરવામાં આવે છે, જેથી વધુ લોકો તેનો લાભ લઈ શકે. શ્રમિકોને આ ઠંડી છાશ પીવડાવવામાં આવે છે. સ્થાનિકો આ પ્રવૃત્તિને બિરદાવી રહ્યા છે.

# સા.કુંડલાના નાના ઝીંઝુડા ગામે મોમાઈ માતાજીનો નવરંગો માંડવો યોજાયો

સાવરકુંડલા,તા.૧૪

સાવરકુંડલા તાલુકાના નાનાઝીંઝુડા ગામના પાદરે આદ્યશક્તિ મોમાઈ માતાજીના ૨૪ કલાકના ભવ્ય નવરંગા માંડવાનો શ્રધ્ધાપૂર્વક મંગલ પ્રારંભ થયો છે. આપણી ભવ્ય લોક-સંસ્કૃતિ અને સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતા આ દિવ્ય પ્રસંગે ગાયોનું ગોંદરું ભક્તિના રંગે રંગાયું છે. આ



તસવીર : સૌરભ દોશી

મહોત્સવનું આયોજન પરમ પૂજ્ય મસાપીર બાપુના દિવ્ય સાનિધ્ય અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. કાર્યક્રમની શરૂઆત વાજતે-ગાજતે અને ઢોલ-નગારાના ગુંજારવ સાથે ભવ્ય સામૈયા દ્વારા કરવામાં આવી હતી. ડાક અને ડમરુના પરંપરાગત નાદ સાથે ગુંજતા વાતાવરણમાં અનેક સાધુ-સંતોની પ્રેરણાદાયી ઉપસ્થિતિ રહી છે. આ અખંડ માંડવામાં થાંભલી રોપણ, મહાપ્રસાદ અને આરતી જેવા શાસ્ત્રોક્ત વિધિ-વિધાનોનું સુંદર આયોજન કરાયું છે. આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં ઉમટી પડેલા માઈભક્તો માતાજીના આશીર્વાદ અને મસાપીર બાપુના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે.

# જિલ્લામાંથી ૧૧ પીધેલા પકડાયા

અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લામાં પોલીસે પ્રોહિબિશનના કાયદાના કડક અમલ માટે લાલ આંખ કરી છે. જિલ્લાના વિવિધ સ્થળેથી પોલીસે ૧૧ શખ્સોને નશાની હાલતમાં ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ ઉપરાંત, લીલીયાના ગુંદરણ ગામેથી એક યુવક ૪ લિટર દેશી દારૂ સાથે ઝડપાયો હતો.










# જાફરાબાદના કડીયાળી ગામે પશુનો શિકાર કર્યા બાદ સિંહ યુવક પાછળ દોડ્યો

જાફરાબાદ,તા.૧૪



જાફરાબાદ પંથકમાં સિંહોનો વસવાટ વધતા હવે વન્યજીવો માનવ વસ્તી તરફ વળી રહ્યા છે, જેના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં કડીયાળી ગામમાં રાત્રિના સમયે સિંહ ઘૂસી આવતા અફરાતફરી મચી ગઈ હતી. રાત્રે ખોરાકની શોધમાં આવેલા સિંહે ગામની મુખ્ય બજારમાં જ બે પશુઓનું મારણ કર્યું હતું. આ દ્રશ્યો જોઈ શેરીમાં રહેલા અન્ય પ્રાણીઓ જીવ બચાવવા ભાગ્યા હતા. ગામમાંથી પસાર થતા એક રાહદારીનો સામનો અચાનક સિંહ સાથે થયો હતો. સિંહને એકદમ નજીક જોઈ યુવકે જીવ બચાવવા દોટ મૂકી હતી અને સિંહ પણ તેની પાછળ દોડ્યો હતો. સદનસીબે યુવકનો બચાવ થયો છે, પરંતુ વાયરલ થયેલા લાઈવ સીસીટીવી ફૂટેજે લોકોની ઉંઘ હરામ કરી દીધી છે. હાલમાં ગ્રામજનો વનવિભાગ પાસે પાંજરું મૂકી સિંહને પકડવા માંગ કરી રહ્યા છે.

# અમરેલીના ગજેરાપરા વિસ્તારમાં રહેણાંક મકાનમાં લાગેલી આગથી મોટુ નુકશાન

અમરેલી,તા.૧૪



અમરેલી શહેરના સાવરકુંડલા રોડ પર આવેલા વાલ્મિકી વાસ, ગજેરાપરા વિસ્તારમાં બે દિવસ પહેલા મોડી સાંજે એક રહેણાંક મકાનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. રાત્રે અંદાજે આઠ વાગ્યાના સુમારે આગ લાગવાની આ ઘટના બની હતી, જેની જાણ તાત્કાલિક ટેલિફોનિક માધ્યમથી અમરેલી ફાયર બ્રિગેડને કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને ફાયર ઓફિસર એચ. સી. ગઢવીના નેતૃત્વમાં ફાયર સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા.કૃષ્ણભાઈ ઓળકિયા, રણજીતભાઈ સગર અને હર્ષભાઈ ચાવડા સહિતની ટીમે ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબુ મેળવ્યો હતો. જોકે, આગ એટલી વિકરાળ હતી કે મકાનમાં રહેલી તમામ ઘરવખરી અને કિંમતી સામાન બળીને રાખ થઈ ગયા હતા. આ ઘટનાને કારણે મકાન માલિકને આર્થિક રીતે મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે

# બગસરાના વોર્ડ નં. ૨ ના સદસ્યા વિશ્વાબેન નકુમ દ્વારા 'હોમિયોપેથી સર્વરોગ નિદાન કેમ્પ' યોજાયો

બગસરા,તા.૧૪

બગસરા નગરપાલિકાના વોર્ડ નંબર ૨ ના ભાજપના વિજેતા ઉમેદવાર વિશ્વાબેન નકુમ દ્વારા સતવારા સમાજ ખાતે 'હોમિયોપેથી સર્વરોગ નિદાન કેમ્પ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં જૂનાગઢની અમૃત હોમિયોપેથી હોસ્પિટલના નિષ્ણાંત તબીબોએ સેવાઓ આપી હતી, જેનો શહેર અને ગ્રામ્ય વિસ્તારના અંદાજે ૧૨૦ જેટલા દર્દીઓએ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. અહીં દર્દીઓના સચોટ નિદાન બાદ તેમને સ્થળ પર જ નિઃશુલ્ક દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત નગરપાલિકાના પૂર્વ પ્રમુખો અને વિવિધ પદાધિકારીઓએ વિશ્વાબેનની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી તેમને સમાજ માટે પ્રેરણારૂપ ગણાવ્યા હતા. કાર્યકરો અને સતવારા સમાજના યુવાનોની જહેમતથી આ સેવાકીય આયોજન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

# સા.કુંડલામાં નજીવી બાબતે પાડોશીઓ વચ્ચે મારામારી

સાવરકુંડલા,તા.૧૪

સાવરકુંડલા શહેરમાં નજીવી બાબતે પાડોશીઓ વચ્ચે માથાકૂટ થઈ હતી. રસ્તા પરથી દૂર ખસી જવાનું કહેતા ઉશ્કેરાયેલા બે શખ્સોએ દંપતી પર લોખંડની પાઈપ વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.રફીકભાઈ મહમદભાઈ શેખ (ઉ.વ.૪૦) એ રૂસ્તમભાઈ સમા તથા રૂહાન રૂસ્તમભાઈ સમા સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, રફીકભાઈ અને તેમના પત્ની સોનલબેન પોતાના ઘર પાસે હાજર હતા, તે સમયે આરોપીઓ ત્યાં ઊભા હતા. સોનલબેને આરોપીઓને વિવેકપૂર્વક "તમે લોકો અહીંથી થોડા દૂર જતા રહો" તેમ કહ્યું હતું. આ વાત આરોપીઓને ગમી ન હતી અને તેઓ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા.બંને આરોપીઓ પોતાના હાથમાં લોખંડની પાઈપો લઈને ધસી આવ્યા હતા અને સોનલબેનને બીભત્સ ગાળો આપી તેમના હાથે-પગે પાઈપના ફટકા મારવાનું શરૂ કર્યું હતું. પત્નીને બચાવવા જ્યારે રફીકભાઈ વચ્ચે પડ્યા, ત્યારે આરોપીઓએ તેમને પણ નિશાન બનાવ્યા હતા. તેમને પગના ભાગે ચાર-પાંચ પાઈપો ફટકારી દેતા દંપતીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. હુમલો કર્યા બાદ પણ આરોપીઓનો ગુસ્સો શાંત થયો ન હતો; તેઓએ જતી વખતે દંપતીને ધમકાવતા કહ્યું હતું કે, "આજે તો તમે જીવતા રહી ગયા છો, પણ બીજીવાર અહીં દેખાયા તો જાનથી મારી નાખીશું.

# સાવરકુંડલામાં જેસર રોડ પીકઅપ બસ સ્ટેન્ડ પાસેથી દારૂની ૩ બોટલ મળી

સાવરકુંડલા, તા. ૧૪

અમરેલી જિલ્લામાં પોલીસ પ્રોહિબિશન સામે કડક કામગીરી કરી રહી છે. સાવરકુંડલામાં જેસર રોડ પીકઅપ બસ સ્ટેન્ડ પાસેથી દારૂની ૩ બોટલ સાથે એક યુવક ઝડપાયો હતો. આ ઉપરાંત, જિલ્લામાં બે મહિલા સહિત પાંચ લોકો પાસેથી ૧૬ લીટર પીવાનો દેશી દારૂ મળી આવ્યો હતો. જ્યારે શીયાળબેટ ગામેથી ત્રણ સહિત જિલ્લામાંથી કુલ ૮ ઈસમો વગર પાસ-પરમીટે કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.


શ્રેષ્ઠ શિક્ષણ... શ્રેષ્ઠ પરિણામ...
પિનાયક કોમર્સ કલાસીસ
: ઉચ્ચતર માધ્યમિક વિભાગ : ધોરણ 11-12 (આંકડાશાસ્ત્ર અને એકાઉન્ટ)
વ્યાજબી ફી | ઉત્તમ શિક્ષણ
: કોલેજ વિભાગ : B.Com. - M.Com. (એકાઉન્ટ)
સંપર્ક : ડૉ. એન.વી. ગજેરા (M.Com., M.Ed., Ph.D.)
Mo. 91061 56315 | 99098 09856
સ્થળ : 8, શિવશક્તિ કોમ્પલેક્ષ, લાઠી રોડ, અમરેલી.


# સા.કુંડલાની શાળાના વિદ્યાર્થી કરાટે ચેમ્પિયનશિપમાં રાજયમાં પ્રથમ

સાવરકુંડલા,તા.૧૪



સાવરકુંડલાના શિવાજીનગર વિસ્તારમાં કાર્યરત સનરાઈઝ વિદ્યા સંકુલના તેજસ્વી વિદ્યાર્થીઓએ તાજેતરમાં ગીર સોમનાથ જિલ્લામાં આયોજિત ઓપન ગુજરાત કરાટે ચેમ્પિયનશિપમાં ભાગ લઈને શાળા તથા સમગ્ર પંથકનું નામ રાજ્ય કક્ષાએ ગૌરવવંતું કર્યું છે. આ રમત સ્પર્ધામાં શાળાના ખેલાડીઓએ અદભૂત પ્રદર્શન દાખવીને મેદાન માર્યું હતું.

ખાસ કરીને શાળાના વિદ્યાર્થી ભારદ્વાજ પિનાકે પોતાની અસાધારણ ક્ષમતા દર્શાવીને સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો.

# નાના આકડીયા ગામની યુવતી બ્યુટી પાર્લર જવાનું કહી નીકળ્યા બાદ ગુમ

અમરેલી, તા. ૧૪

અમરેલી તાલુકાના નાના આકડીયા ગામેથી એક યુવતી ગુમ થઈ હોવાની ઘટના સામે આવી છે. ૩૩ વર્ષીય પાયલબેન સરધારા બ્યુટી પાર્લરના કામે જવાનું કહી ઘરેથી નીકળ્યા બાદ પરત ન ફરતા પરિવારે શોધખોળ હાથ ધરી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, નાના આકડીયા ગામે રહેતા જયંતિભાઈ જેરામભાઈ સરધારાની પુત્રી પાયલબેન (ઉંમર વર્ષ ૩૩) ગઈકાલે પોતાના ઘરે હાજર હતાં. આ દરમિયાન તેમણે પરિવારજનોને જણાવ્યું હતું કે, "મારે બ્યુટી પાર્લરનું કામ છે, હું ત્યાં જાઉં છું." આટલું કહીને પાયલબેન ઘરેથી નીકળ્યા હતાં. જોકે, લાંબો સમય વીતવા છતાં પાયલબેન ઘરે પરત ન ફરતા પરિવારે તેમની તપાસ શરૂ કરી હતી. બ્યુટી પાર્લર તેમજ આસપાસના વિસ્તારો અને સગા-સંબંધીઓને ત્યાં પૂછપરછ કરવા છતાં તેમની કોઈ ભાળ મળી શકી ન હતી. યુવતી કોઈને પણ કહ્યા વગર ક્યાંક જતી રહી હોવાથી ચિંતાતુર પરિવારે આ અંગે પોલીસને જાણ કરી હતી.


સંકુલ ધો. ૧૦ ગુજરાતી મિડીયમને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ પ્રવેશ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad063









અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય ફ્રિ
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363



ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa
ડ્રીમ ફેમેલી સ્પા
Ladies & Gents
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રીમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રીમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રીમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૭૯/૨૦૨૬ તા.૧૪/૦૫/૨૦૨૬

અરજદારશ્રી:- ત્રાપસીયા મનસુખભાઈ ધીરૂભાઈ
રે.સીમરણ તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તકમશ્રી, સીમરણ તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતા સવિતાબેન ધીરૂભાઈ ત્રાપસીયાનું મરણ તા.૦૧/૦૬/૧૯૭૩ ના રોજ મુ.સીમરણ તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૭/૦૫/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૪/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૨૫/૨૦૨૬

અરજદાર : શ્રી માધાભાઈ અરજણભાઈ સોલંકી
સરનામુ : મું.ભાડા તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ભાડા
મું.ભાડા તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ભાડા** ગામના **શ્રી માધાભાઈ અરજણભાઈ સોલંકી** એ તેમના **પુત્રી નામે શ્રી કાજલ માધાભાઈ સોલંકી નો જન્મ** તા.૧૫/૦૭/૨૦૧૨ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આર. બી. પઢીયાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૫ માહે. મે સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૫/૦૫/૨૦૨૬**

(કોર્ટનો સિક્કો)

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૧૮/૨૦૨૬

અરજદાર : શ્રી પરિનાબાનું નેરદીનભાઈ રાયાણી
સરનામુ : મું.જીમ પ્લોટ, આદર્શ નગર, કોડીનાર, તા.કોડીનાર જી. ગીરસોમનાથ

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
ચીફ ઓફીસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરસોમનાથ જિલ્લાના **કોડીનાર તાલુકાના કોડીનાર** ગામના **શ્રી પરિનાબાનું નેરદીનભાઈ રાયાણી** એ તેમના **પોતાના નામે શ્રી પરિનાબાનું નેરદીનભાઈ રાયાણી નો જન્મ** તા.૧૦/૦૬/૧૯૭૫ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આર. બી. પઢીયાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૫ માહે. મે સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૫/૦૫/૨૦૨૬**

(કોર્ટનો સિક્કો)

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**:: અસલ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ ખોવાયા અંગેની જાહેર નોટીસ ::**

આથી અમો એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામે દોલતરાય સ્કુલ પાસેની સીપાઈ શેરીની ટીકા નં. ૮/૨ ની સીટી સર્વે નંબર ૬૩ પૈકીની કુલ ૮૨-૦૭ ચો. મી. વાળી મીલકત શમીમબેન જમાલભાઈ મેતર, રહે. અમરેલીવાળાની માલીકી કબજા ભોગવટાની મીલકત આવેલ છે.

આ ઉપરોકત મીલકતના ઉતરોતર દસ્તાવેજો પૈકી અસલ રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૧૩૦૭ તા. ૧૨/૬/૯૫ ના રોજનો છે, કે જે સતારભાઈ નુરમહમદભાઈ મેતરના નામનો છે તે અસલ વેચાણ દસ્તાવેજ તથા તેની અસલ રજીસ્ટર્ડ રસીદ ખોવાઈ ગયેલ છે તેવી માહીતી અમોને આપેલ છે, જેથી ઉપરોકત અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો તથા અસલ રજીસ્ટર્ડ રસીદો જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન - ૭ માં જાણ કરવા અગર પંહોચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક હીત સંબંધ હોય તો તે હકક-હીત સંબધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન -૭ ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોકત મીલકત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**તા. ૧૪/૦૫/૨૦૨૬**
**અમરેલી**

**અજય જે. રાઠોડ,**
**એડવોકેટ,**
**જુના માર્કેટયાર્ડ, પહેલા માળે, હરીરામ હોલસેલ માર્કેટ,**
**કોંગ્રેસ કાર્યાલયની સામે, અમરેલી.**
**મો.નં.૯૮૨૪૯ ૩૦૩૧૬**

# વડિયા ગ્રામપંચાયત દ્વારા સુરગપરા વિસ્તારમાં ભૂગર્ભ ગટરની કામગીરીનો પ્રારંભ

વડીયા,તા.૧૪

અમરેલી જિલ્લાના વડિયા ગામના સુરગપરા વિસ્તારમાં ગ્રામપંચાયત દ્વારા લોકોને ગંદકીમાંથી કાયમી મુક્તિ અપાવવા ભૂગર્ભ ગટરની કામગીરી હાથ ધરવામાં આવી છે.



પંચાયત અને સરકારની વિવિધ ગ્રાન્ટમાંથી અંદાજિત ૧૧ લાખ રૂપિયાના ખર્ચે કુલ ૩૯૪૮ ફૂટ લાંબી ગટર લાઈન નાખવામાં આવી રહી છે. આ લાઈન પોસ્ટ ઓફિસના ખૂણાથી શરૂ થઈ ખેતાણી સ્કૂલ અને કન્યાવિદ્યાલયના પાછળના ભાગ સુધી બનાવવામાં આવી રહી છે. શેરીઓમાં ખુલ્લી ગટરની સમસ્યા હલ થતી હોવાથી સ્થાનિક લોકોમાં ભારે હર્ષ અને સંતોષની લાગણી જોવા મળી રહી છે. જોકે, આ લાઈનમાં આઠ ઈંચના નાના પાઈપનો ઉપયોગ થયો હોવાથી ભવિષ્યમાં બ્લોકેજની સમસ્યા સર્જાઈ શકે છે. આથી, ગટરની સાપ્તાહિક સફાઈ માટે ગ્રામપંચાયતે સત્વરે જેટિંગ મશીન વસાવવું અત્યંત જરૂરી બનશે.

# દેવભૂમિ દેવળીયામાં નબળા કામમાં સુધારો કરવાનું કહેતા એન્જિનિયરને ધોકા વડે ફટકાર્યા

લાઠી, તા.૧૪

લાઠી તાલુકાના દેવભૂમિ દેવળીયા ગામે પોતાની ફરજ બજાવી રહેલા એક સરકારી અધિકારી પર હુમલો થવાની ઘટના સામે આવી છે. ગામમાં થયેલા વિકાસકામોમાં ક્ષતિ હોવાનું જણાવી તેમાં સુધારો કરવાનું કહેતા ઉશ્કેરાયેલા શખ્સોએ અધિક મદદનીશ ઈજનેર પર લાકડાના ધોકા વડે હુમલો કર્યો હતો.આ અંગે અધિક મદદનીશ ઈજનેર તુષારભાઈ અશોકભાઈ કેસરીયા (ઉ.વ. ૩૦) એ બે શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ અધિક મદદનીશ ઈજનેર તરીકે પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક અને તટસ્થ રીતે બજાવી રહ્યા હતા. દેવભૂમિ દેવળીયા ગામે થયેલા સરકારી કામોના નિરીક્ષણ દરમિયાન તેમને કામમાં ગંભીર ક્ષતિઓ જોવા મળી હતી.આથી ઈજનેરે નિયમ મુજબ આ કામમાં સુધારો કરવા માટે આરોપીઓને સૂચના આપી હતી. પોતાના કામમાં ભૂલ કાઢવામાં આવતા આરોપીઓએ તેનું મનદુઃખ રાખ્યું હતું અને એકસંપ થઈ ઈજનેર પર હુમલો કર્યો હતો. આરોપીઓએ લાકડાના ધોકા વડે ઈજનેરને મુંઢ માર માર્યો હતો. આ હુમલામાં ઈજનેરને ડાબા હાથની હથેળીના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી, જેમાં તેમને પાંચ જેટલા ટાંકા લેવા પડ્યા હતા. હુમલાખોરોએ માત્ર શારીરિક હુમલો જ નહીં, પરંતુ ફરજ પરના અધિકારીને જાહેરમાં બીભત્સ ગાળો આપી અપમાનિત કર્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

# લાઠીના દેવળીયા ગામે યુવક અને તેના પિતા પર જીવલેણ હુમલો

**જાનથી મારી નાખવાની ધમકી આપી શખ્સો ફરાર થઈ ગયા**

લાઠી, તા. ૧૪

લાઠી તાલુકાના દેવળીયા ગામે મોબાઈલ રિપેરિંગના બાકી નાણાંની સામાન્ય બાબતે મોટું સ્વરૂપ ધારણ કરતા એક જ પરિવારના સભ્યો પર સશસ્ત્ર હુમલો કરવામાં આવ્યો હતો. હામનાથ મહાદેવના મંદિર પાસે ઘાતક હથિયારો સાથે ત્રાટકેલી ટોળકીએ પિતા-પુત્રને પાઈપ અને ધારીયા વડે ગંભીર ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ અંગે વિપુલભાઈ કડવાભાઈ ચોસલા (ઉ.વ. ૨૭) એ જગદીશભાઈ જાદવભાઈ હાડગરડા, નાનજીભાઈ પાતાભાઈ હાડગરડા, લાલાભાઈ પાતાભાઈ હાડગરડા, થોભણભાઈ વાલાભાઈ હાડગરડા, ભોપાભાઈ હમીરભાઈ હાડગરડા તથા કાબાભાઈ જાદવભાઈ હાડગરડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદ મુજબ, આ વિવાદની શરૂઆત મોબાઈલની દુકાને ફોનનો કોમ્બો નંખાવવા બાબતે થઈ હતી. વિપુલભાઈના કાકાના દીકરાએ આરોપીની દુકાને મોબાઈલ રિપેર કરાવ્યો હતો, જેના કુલ રૂ.૧૧૦૦ થતા હતા. તેમાંથી રૂ.૬૦૦ ચૂકવી દેવાયા હતા અને બાકીના રૂ.૫૦૦ પછી આપવાની વાત કરી હતી.આ નજીવી રકમની ઉઘરાણી મુદ્દે ફરિયાદી અને આરોપીઓ વચ્ચે ફોન પર તથા રૂબરૂમાં બોલાચાલી થઈ હતી. આ બોલાચાલીનું મનદુઃખ રાખીને, જ્યારે તેઓ હામનાથ મહાદેવના મંદિરે જઈ રહ્યા હતા, ત્યારે છ શખ્સોની ટોળકીએ ગેરકાયદે મંડળી રચી તેમને રસ્તામાં આંતર્યા હતા. લોખંડના પાઈપ, ધારીયું અને લાકડીઓ જેવા હથિયારો સાથે સજ્જ આરોપીઓએ હુમલો શરૂ કર્યો હતો. એક આરોપીએ વિપુલભાઈના માથામાં લોખંડના પાઈપનો ફટકો મારતા તેમને માથામાં ૬ ટાંકા આવ્યા હતા. બીજા આરોપીએ ધારીયાનો ઘા ઝીંકતા ડાબા હાથે ફ્રેક્ચર અને ૪ ટાંકા આવ્યા હતા. અન્ય આરોપીઓએ ઢીકાપાટુનો માર માર્યો હતો.પુત્રને બચાવવા વચ્ચે પડેલા પિતા પર પણ આરોપીઓ તૂટી પડ્યા હતા. તેમના માથામાં પાઈપનો ફટકો મારી આઠ ટાંકા અને ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જાહેર રસ્તા પર આતંક મચાવી, ગાળો આપી અને જાનથી મારી નાખવાની ધમકી આપી તમામ આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

# સાવરકુંડલાની કે.કે.મહેતા સરકારી હોસ્પિટલમાં નર્સ દિવસની ઉજવણી

સાવરકુંડલા,તા.૧૪

સાવરકુંડલાની કે.કે. મહેતા સરકારી હોસ્પિટલ ખાતે ૧૨ મેના રોજ 'આંતરરાષ્ટ્રીય નર્સિંગ દિવસ'ની અત્યંત ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ વિશેષ પ્રસંગે હોસ્પિટલના અધિક્ષક ડૉ. વિવેક તરસરીયા, ડૉ. માલવિકા મેડમ તથા આસિસ્ટન્ટ નર્સિંગ મેટ્રન સોનલબેન ચારેલ અને મીનાબેનની ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમમાં અંદાજે ૫૦ સ્ટાફ નર્સ, ૪૦ નર્સિંગ વિદ્યાર્થીનીઓ, ૩૦ સફાઈ કર્મચારીઓ અને ૧૦ તબીબોએ જોડાઈને નર્સિંગ સેવાનું મહત્વ સમજાવ્યું હતું. આ અવસરે હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને ફ્રૂટ વિતરણ કરાયું હતુ.



તસવીર : સૌરભ દોશી

# બાબરા પીઆઈએ યુવાધનને માર્ગદર્શન આપી ગુનાખોરી છોડી પ્રગતિના પંથે ચાલવા કરી અપીલ

બાબરા,તા.૧૪

બાબરામાં તાજેતરના હત્યાના બનાવના રી-કન્સ્ટ્રક્શન દરમિયાન પીઆઈ આર.આર. પરમારે યુવાનોને સંબોધીને એક ભાવુક અને પ્રેરણાદાયી અપીલ કરી હતી. તેમણે સમજાવ્યું કે ગુનાખોરીનો માર્ગ માત્ર વ્યક્તિને જ નહીં, પણ તેના સમગ્ર પરિવારને બરબાદ કરે છે, જેનાથી પરિવારની પ્રતિષ્ઠા અને બાળકોનું ભવિષ્ય જોખમાય છે. આથી, યુવાનોએ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ત્યજીને મહેનત, પ્રમાણિકતા અને સકારાત્મકતાનો માર્ગ અપનાવવો જોઈએ.પીઆઈ પરમારના આ સંવેદનશીલ અભિગમની સ્થાનિક લોકોમાં ભારે પ્રશંસા થઈ રહી છે. લાંબા સમય બાદ બાબરામાં પોલીસ અને પ્રજા વચ્ચે વિશ્વાસનું વાતાવરણ સર્જાયું છે. લોકો માને છે કે જો પોલીસ તંત્ર આ પ્રકારે માનવતાભર્યું વલણ દાખવી પ્રજાના પ્રશ્નો ઉકેલે, તો ગુનાખોરી ડામવામાં અને પોલીસ-પ્રજા વચ્ચેના સહકારને મજબૂત બનાવવામાં મોટી સફળતા મળી શકે છે.



તસવીર : દિપક કનૈયા

# જાફરાબાદના લોઠપુર ગામે ગાળો બોલવાની ના પાડતા યુવક પર કુહાડા અને ધારીયા વડે જીવલેણ હુમલો

જાફરાબાદ, તા. ૧૪

જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામે નજીવી બાબતે એક યુવક પર જીવલેણ હુમલો થતા ચકચાર મચી જવા પામી છે. ગાળો બોલવાની ના પાડવા જેવી સામાન્ય બાબતનું મનદુઃખ રાખીને એક શખ્સે કુહાડા અને ધારીયા જેવા તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરી યુવકને લોહીલુહાણ કરી નાખ્યો હતો.લાલજીભાઈ કેસુભાઈ કવાડે હાથીભાઈ બચુભાઈ ધાખડા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, લોઠપુર ગામે જ્યારે તેઓ પોતાના ઘરે હાજર હતા, ત્યારે આરોપી તેમના ઘર પાસે મોટેથી ગાળો બોલી રહ્યો હતો. તેમણે ગાળો બોલવાની ના પાડતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો. આ બાબતનું મનદુઃખ રાખીને જ્યારે લાલજીભાઈ પોતાનું મોટરસાઈકલ લઈને નીકળ્યા ત્યારે આરોપીએ તેમને રસ્તામાં આંતર્યા હતા. આરોપીએ તેમને રોકીને 'ગાળો બોલવાની ના કેમ પાડી?' તેમ કહી ઝઘડો કર્યો હતો અને 'આજે તો તને જાનથી મારી નાખવો છે' તેમ કહી કુહાડાના ધારદાર ફળા વડે માથાના જમણી બાજુના ભાગે ઘા ઝીંકી દીધો હતો. આરોપીએ બીજો ઘા મારવા જતાં લાલજીભાઈએ પોતાનો ડાબો હાથ આડો ધરતા કાંડાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. હુમલા બાદ તેઓ જ્યારે લોહીલુહાણ હાલતમાં સારવાર માટે રાજુલા જઈ રહ્યા હતા, ત્યારે આરોપીએ ફરી એકવાર રસ્તો રોકી હુમલો કર્યો હતો. આ વખતે આરોપીએ માથાના ડાબી બાજુના ભાગે કુહાડાનો ઘા મારી તેમને નીચે પછાડી દીધા હતા અને હાથમાં રહેલા ધારીયા વડે ખભાના ભાગે ઘા માર્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ તેરસ
તા.૧૫-૦૫-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૩૦,
સૂર્યાસ્ત-૦૭:૦૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ અશ્વિની

## દૈનિક રાશિફળ

તા.૧૫-૦૫-૨૦૨૬ શુક્રવાર

મેષઃ આજે વેપારના ક્ષેત્રમાં મનને અનુકૂળ ફાયદો થવામાં આનંદ થશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા વધુ મજબૂત બનશે.

વૃષભઃ પત્નીને સમસ્યા સર્જાતા ભાગદોડ થઈ શકે છે. કોઈ મિલકતની ખરીદી અને વેચાણ સમયે તેની પહેલાં મિલકતના તમામ કાયદાકીય પાસાઓ ધ્યાનમાં લો.

મિથુનઃ આજે તમારી આર્થિક બાજુ મજબુત બનશે. સંપત્તિ, સન્માન, ખ્યાતિ વધશે. અટકેલા કામો પૂરા થશે. પ્રિયજનોને મળશો.

કર્કઃ આજનો દિવસ પરોપકાર્યમાં વિતાવશો, જેમાં તમને માનસિક શાંતિ પણ મળશે. ક્ષેત્રમાં પણ તમારી તરફેણમાં કેટલાક પરિવર્તન આવી શકે છે.

સિંહઃ આજે ઘર માટે ઉપયોગી વસ્તુ પર પૈસા ખર્ચ થશે. આજે કોઈ સંબંધીના કારણે તણાવ વધી શકે છે. વ્યવહારમાં સાવચેત રહો.

કન્યાઃ પરિવાર સાથે આજનો દિવસ આનંદદાયક રહેશે. સારા નસીબનો સાથ બપોર સુધી મળશે, આનંદદાયી સારા સમાચાર પણ મળશે.

તુલાઃ આજે શિક્ષણ અને પ્રતિસ્પર્ધાના ક્ષેત્રમાં વિશેષ સિદ્ધિનો યોગ છે. આવકના નવા સ્ત્રોત સર્જાશે. તમારી વાતચીતની શૈલી તમને વિશેષ આદર આપશે.

વૃશ્ચિકઃ વૈવાહિક જીવન આનંદપ્રદ રહેશે. આજે નજીકની અને દૂરની યાત્રા પણ થઈ શકે છે. ધંધામાં વધતી પ્રગતિ આનંદકારક રહેશે.

ધનઃ પિતાના આશીર્વાદ અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી, કોઈ કિંમતી વસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઇચ્છા આજે પૂર્ણ થશે.

મકરઃ રાજકીય ક્ષેત્રે સફળતા મળશે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો. અટકેલા કામ પણ પૂર્ણ થશે.

કુંભઃ આજે તમને વ્યાવસાયિક યોજનાઓમાં વેગ મળશે અને ધનપ્રાપ્તિનો પણ યોગ છે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે.

મીનઃ આજે વૃદ્ધોની સેવા કાર્યોમાં પૈસા ખર્ચ કરવાને કારણે મનમાં આનંદ થશે. તમે વિરોધીઓ માટે માથાનો દુઃખાવો બની રહેશે.

# દામનગર શહેરમાં ભૂરખીયા રોડ પર માનવ સેવા આશ્રમનું ભૂમિ પૂજન કરાયું

દામનગર,તા.૧૪

દામનગર શહેરમાં ભૂરખીયા રોડ પર ગુરુકુળ નજીક શ્રી માનવ સેવા આશ્રમની નિર્માણ માટેનું ભૂમિપૂજન સંપન્ન થયેલ છે. બુધવારે અહીંની પટેલ વાડીમાં ધારાસભ્ય જનકભાઈ તળાવિયાની હાજરીમાં યોજાયેલ વિના મૂલ્યે મેડીકલ કેમ્પમાં નિષ્ણાત ડોક્ટરોએ ૧૪૦ દર્દીઓના વિવિધ રોગની તપાસ કરી હતી. આ ઉપરાંત આશ્રમ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અમરેલીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા રક્તદાન કેમ્પમાં ૧૪ બોટલ રક્ત એકત્ર થયેલ. સામાજિક કાર્યકર પ્રીતેશભાઈ નારોલાએ જણાવ્યું કે, થેલેસેમીયાગ્રસ્ત બાળકો માટે લોહીની જરૂર હોય ત્યારે લોકોએ રક્તનું દાન આપવું જોઈએ.




# લાઠીના હરસુરપુર દેવળીયા ગામે ગોલા ખાવા જવાનું કહી નીકળેલી યુવતી લાપતા

લાઠી,તા.૧૪

લાઠી તાલુકાના હરસુરપુર દેવળીયા ગામેથી એક યુવતી રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ હોવાની ઘટના સામે આવી છે. ૧૮ વર્ષીય યુવતી બપોરના સમયે ઘરેથી નીકળ્યા બાદ પરત ન ફરતા પરિવારે પોલીસને જાણ કરી હતી.હરસુરપુર દેવળીયા ગામે રહેતા પ્રવીણભાઈ ભીખાભાઈ પંચારાની પુત્રી ક્રિષ્નાબેન ગત તા. ૧૨/૦૫/૨૦૨૬ના રોજ બપોરે આશરે એક વાગ્યે ઘરેથી ગામમાં 'ગોલા' ખાવા જવાનું કહીને નીકળી હતી. જોકે, મોડી સાંજ સુધી તે પરત ન ફરતા ચિંતાતુર પરિવારે ગ્રામજનો અને સગા-સંબંધીઓમાં તપાસ કરી હતી, પરંતુ તેની કોઈ ભાળ મળી ન હતી. યુવતી કોઈને પણ કહ્યા વગર ક્યાંક ચાલી ગઈ હોવાથી પિતાએ લાઠી પોલીસમાં જાણ કરી છે. હાલ હેડ કોન્સ્ટેબલ કે.એન.ગરૈયા આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં જુદીજુદી ઘટનામાં ત્રણ વ્યક્તિએ આપઘાત કરી જીવન ટૂંકાવ્યું

અમરેલી, તા.૧૪

અમરેલી જિલ્લામાં અપમૃત્યુની વધુ ત્રણ ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી. લાઠી તાલુકાના ચાવંડ ગામે રહેતા એક યુવાને આર્થિક ભીંસ અને બેરોજગારીથી કંટાળીને અનાજમાં નાખવાની ઝેરી ટીકડીઓ ખાઈ લેતા તેનું કરુણ મોત નીપજ્યું હતું. આ અંગે ભુપતભાઈ લખમણભાઈ ડેરએ જાહેર કર્યા મુજબ, હરેશભાઈ ગોવિંદભાઈ ડેર હજુ અપરિણીત હતો અને તેના આખા ઘરમાં તે પોતે એકમાત્ર કમાનાર સભ્ય હતો. તેના માથે ઘરની તમામ જવાબદારીઓ હોવા છતાં છેલ્લા કેટલાક સમયથી તેને કોઈ કામકાજ મળી રહ્યું ન હતું. જેના કારણે લાંબા સમયથી માનસિક રીતે પરેશાન હતો. આર્થિક તંગી અને બેરોજગારીની વાત તેને મનમાં લાગી આવતા, જીવનથી કંટાળીને તેણે અનાજમાં નાખવાની ઝેરી ટીકડીઓ ગળી લીધી હતી. ઝેરી અસર થવાને કારણે યુવાનનું મૃત્યુ નીપજ્યું હતું. આ ઘટનાને પગલે ચાવંડ ગામમાં અને મૃતકના પરિવારમાં શોકની લાગણી ફરી વળી હતી. બીજા બનાવમાં રાજુલામાં રહેતા હર્ષ ચંન્દ્રકાંતભાઈ ડાભીએ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતા મોતને ભેટ્યા હતા. અપમૃત્યુના ત્રીજા બનાવમાં મોટા માચિયાળા ગામે રહેતા જગદીશભાઈ વશરામભાઈ ચાવડાએ જાહેર કર્યા મુજબ, વશરામભાઈ ગોરાભાઈ ચાવડાને શરીરમાં નબળાઈ રહેતી હતી. તેમજ કોઈ કામ ધંધો કરી શકતા નહોતા. જેથી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

# લાઠીના તાજપર ગામે બસ સ્ટેશન પાસે યુવકને બેલ્ટના ફટકા મારી જાનથી મારી નાખવાની ધમકી

**સામસામે ફરિયાદ નોંધાઈ**

લાઠી, તા. ૧૪

લાઠીના તાજપર ગામે બસ સ્ટેશન પાસે એક યુવક પર હુમલો કરવાની ઘટના સામે આવી છે. યુવકને બેલ્ટ વડે ફટકારી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતા આ મામલે બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી છે.પ્રથમ ફરિયાદ મુજબ, મયુરભાઈ બળવંતભાઈ બારડ (ઉ.વ. ૩૨) તાજપર ગામના બસ સ્ટેશન પાસે બેઠા હતા, ત્યારે આરોપી અનીરાજભાઈ બળવંતભાઈ બારડ ત્યાં આવી એકાએક ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો આપવા લાગ્યા હતા. આરોપીએ મયુરભાઈને ડાબા ગાલ પર ત્રણ-ચાર લાફા ઝીંકી દીધા હતા અને પેટના જમણા ભાગે બેલ્ટના ફટકા મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.સામા પક્ષે, કપિલભાઈ બાબુભાઈ ઠેરાણા (ઉ.વ. ૨૬) એ પણ અનીરાજભાઈ બળવંતભાઈ બારડ સામે ફરિયાદ નોંધાવી છે. જે મુજબ, તેઓ બસ સ્ટેશન પાસે હતા ત્યારે આરોપીએ આવીને અગમ્ય કારણોસર ઉશ્કેરાઈ જઈ ગાળો આપી હતી અને ડાબા ગાલે લાફા તેમજ પેટના ભાગે બેલ્ટ વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. એન. ગોરૈયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

તંત્રી લેખ

# બ્રિક્સ બેઠક પર વિશ્વની નજર

નવી દિલ્હીમાં યોજાઈ રહેલી બ્રિક્સ દેશોના વિદેશ મંત્રીઓની બેઠક માત્ર એક સામાન્ય રાજદ્વારી કાર્યક્રમ નથી. આ બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે સમગ્ર વિશ્વ મધ્યપૂર્વના યુધ્ધ, ઊર્જા સંકટ અને વૈશ્વિક અસ્થિરતાની ચિંતાઓથી ઘેરાયેલું છે. તેથી આ બેઠક પર માત્ર બ્રિક્સ દેશોની નહીં, પરંતુ આખા વિશ્વની નજર ટકેલી છે. ભારત માટે આ એક મહત્વપૂર્ણ રાજકીય અને રાજદ્વારી કસોટી બની ગઈ છે.

બ્રિક્સમાં ભારત, બ્રાઝિલ, રશિયા, ચીન અને દક્ષિણ આફ્રિકા સહિત અનેક નવા સભ્ય દેશો સામેલ થયા છે. વિશ્વની મોટી વસ્તી અને અર્થવ્યવસ્થાનો મોટો હિસ્સો આ સંગઠન સાથે જોડાયેલો છે. પશ્ચિમ દેશોના પ્રભાવ વચ્ચે બ્રિક્સ હવે એક વિકલ્પરૂપ વૈશ્વિક મંચ તરીકે ઉભરી રહ્યું છે. આવી સ્થિતિમાં દિલ્હીમાં યોજાતી બેઠકનું મહત્વ સ્વાભાવિક રીતે વધી જાય છે.

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સહિત ભારત સરકારના ઉચ્ચ સ્તરના નેતાઓ સતત વિવિધ દેશો સાથે ચર્ચા કરી રહ્યા છે. ભારતનો મુખ્ય પ્રયાસ એ છે કે દેશના વેપાર, ઊર્જા સુરક્ષા અને વૈશ્વિક સંબંધો પર ઓછામાં ઓછી અસર પડે. આ સાથે ભારત પોતાની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા પણ મજબૂત બનાવવા માગે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારત વૈશ્વિક રાજનીતિમાં વધુ સક્રિય બન્યું છે. G-૨૦ની સફળ અધ્યક્ષતા પછી હવે બ્રિક્સ બેઠક ભારત માટે પોતાની રાજદ્વારી ક્ષમતા ફરી સાબિત કરવાની તક બની છે.

આ બેઠક ભારતની આંતરિક રાજનીતિ માટે પણ મહત્વ ધરાવે છે. દેશના લોકો હવે માત્ર સ્થાનિક મુદ્દાઓ જ નહીં, પરંતુ વૈશ્વિક પરિસ્થિતિઓની અસર પણ અનુભવી રહ્યા છે. પેટ્રોલ-ડીઝલના ભાવ, આયાત ખર્ચ, મોંઘવારી અને વેપાર પર આંતરરાષ્ટ્રીય ઘટનાઓની સીધી અસર થતી હોવાથી સરકારના નિર્ણયો વધુ મહત્વપૂર્ણ બની ગયા છે. વિરોધ પક્ષો પણ સરકારની વિદેશ નીતિ અને આર્થિક તૈયારી અંગે પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. તેથી કેન્દ્ર સરકાર માટે આ બેઠક સફળ બનાવવી રાજકીય રીતે પણ જરૂરી બની ગઈ છે.

એક મહત્વપૂર્ણ બાબત એ પણ છે કે બ્રિક્સ હવે વૈશ્વિક શક્તિ સંતુલનમાં નવી ભૂમિકા ભજવવા માંગે છે. અમેરિકા અને પશ્ચિમ દેશોની પરંપરાગત અસર સામે વિકાસશીલ દેશો હવે પોતાનો અવાજ મજબૂત કરવા માગે છે. ભારત માટે આ પરિસ્થિતિ એક તક પણ છે અને જવાબદારી પણ. ભારતે પોતાની સ્વતંત્ર વિદેશ નીતિ જાળવી રાખીને દરેક દેશ સાથે સારા સંબંધો જાળવવાના છે.

અંતમાં કહી શકાય કે દિલ્હીમાં યોજાતી બ્રિક્સ બેઠક માત્ર એક રાજદ્વારી કાર્યક્રમ નથી, પરંતુ બદલાતા વિશ્વ વ્યવસ્થામાં ભારતની ભૂમિકા નક્કી કરતી મહત્વપૂર્ણ ઘટના છે. યુધ્ધ અને અસ્થિરતાના સમયમાં જો ભારત શાંતિ, સંવાદ અને સહકારનો માર્ગ મજબૂત રીતે રજૂ કરી શકશે તો વિશ્વ મંચ પર તેની વિશ્વસનીયતા વધુ વધશે. આજની પરિસ્થિતિમાં વિશ્વને ટકરાવ નહીં, પરંતુ સમજદારીપૂર્ણ નેતૃત્વની જરૂર છે. ભારત આ દિશામાં કેટલું સફળ થાય છે તેના પર આવનારા સમયની ઘણી બાબતો આધારિત રહેશે.

# ન્યાયના અધિષ્ઠાતા શ્રી શનિદેવ: એક આધ્યાત્મિક અને પૌરાણિક ચિંતન

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

દેવ દાનવતી માંડી માનવ સહિતના તમામ કઠોરમા કઠોર સજા કરનાર શનિદેવને લોકો ભયભીત થઈને દર્શન કરે છે. પરંતુ શનિદેવ દયાના સાગર પણ છે. શનિદેવ એટલે માત્ર એક ગ્રહ નહીં, પરંતુ બ્રહ્માંડની એ ન્યાયિક વ્યવસ્થા જે મનુષ્યને તેના કર્મોના આરસી દર્શાવે છે. સાહિત્યિક દ્રષ્ટિએ જોઈએ તો, શનિદેવ એ જીવનના કઠોર સત્યો અને નૈતિક મૂલ્યોના રક્ષક છે, જે જીવને અંધકારથી પ્રકાશ તરફ લઈ જવા માટે કષ્ટની એરણ પર ટીપે છે.

શનિદેવનો જન્મ એ દૈવી શક્તિ અને તપસ્યાના સંગમની કથા છે. ભગવાન સૂર્યનારાયણના તેજને સહન કરવામાં અસમર્થ બનેલા તેમના પત્ની સંજ્ઞાએ પોતાની તપસ્યાના બળે પોતાના જેવી જ પ્રતિકૃતિ 'છાયા'નું સર્જન કર્યું. માતા છાયા જ્યારે ગર્ભવતી હતા, ત્યારે તેઓ ભગવાન શિવની અત્યંત કઠોર ભક્તિમાં લીન હતા. ધોમધખતા તાપમાં બેસીને કરેલી તપસ્યા અને ભગવાન શિવના ધ્યાનની અસર ગર્ભસ્થ શિશુ પર પડી, જેના પરિણામે શનિદેવનો વર્ણ શ્યામ થયો. જ્યારે સૂર્યદેવે પોતાના તેજસ્વી સ્વરૂપથી વિપરીત શ્યામ વર્ણના પુત્રને જોયો, ત્યારે તેમણે શંકા વ્યક્ત કરી માતા છાયાનું અપમાન કર્યું. આ અન્યાય સામે શિશુ શનિની દ્રષ્ટિ પડતા જ સાક્ષાત્ સૂર્યદેવ પણ પ્રભાવિત થયા અને તેમનું શરીર શ્યામ પડી ગયું. આ ઘટના એ સંકેત આપે છે કે શનિદેવ માટે ન્યાય સર્વોપરી છે, પછી ભલે સામે પક્ષે સ્વયં પિતા કે દેવતા કેમ ન હોય.

શાસ્ત્રોમાં શનિદેવને 'દંડનાયક'ની ઉપાધિ આપવામાં આવી છે. જગતનો નિયમ છે કે જેવું વાવો તેવું લણો, અને શનિદેવ આ નિયમના સચોટ અમલકર્તા છે. તેઓ મનુષ્યના સંચિત અને વર્તમાન કર્મોનું વિશ્લેષણ કરી તેને યોગ્ય ફળ આપે છે. લોકો જેને શનિની પનૌતી કે સાડાસાતી કહીને ગભરાય છે, તે વાસ્તવમાં આત્મશુધ્ધિનો કાળ છે. જેમ અગ્નિમાં તપ્યા વિના સોનું શુધ્ધ થતું નથી, તેમ શનિદેવની પ્રતિકૂળ દશામાં પસાર થયા વિના મનુષ્યનો અહંકાર ઓગળતો નથી. તેઓ વ્યક્તિને ભૌતિક સુખના મોહમાંથી મુક્ત કરી જીવનના શાશ્વત મૂલ્યો સમજાવે છે. જે વ્યક્તિ ન્યાયી, પ્રામાણિક અને પરિશ્રમી છે, તેના માટે શનિદેવ પરમ કલ્યાણકારી અને ભાગ્યવિધાતા સાબિત થાય છે.

શનિદેવનું સ્વરૂપ અત્યંત ગંભીર છે અને તેમનું વાહન કાગડો છે, જે ચતુરતા અને પૂર્વજો સાથેના જોડાણનું પ્રતીક છે. શનિદેવ અને હનુમાનજી વચ્ચેના પ્રસંગો પણ આધ્યાત્મિક રીતે ખૂબ મહત્વના છે. રાવણના અહંકારને તોડવામાં અને નવગ્રહોને મુક્ત કરવામાં હનુમાનજીએ જે ભૂમિકા ભજવી હતી, તેનાથી પ્રસન્ન થઈ શનિદેવે રામભક્તો પર સદાય કૃપા દ્રષ્ટિ રાખવાનું વચન આપ્યું હતું. આથી જ શનિદેવની કૃપા મેળવવા માટે માત્ર તેલ ચડાવવું કે મંત્રો બોલવા પૂરતા નથી, પરંતુ હનુમાનજી જેવી સેવાભાવના અને નિઃસ્વાર્થ ભક્તિ કેળવવી પણ અનિવાર્ય છે. શનિદેવ મનુષ્યને ધીમી ગતિએ ચાલવાની પ્રેરણા આપે છે, જેનો ગૂઢ અર્થ એ છે કે જીવનમાં ઉતાવળ કરવાને બદલે પ્રત્યેક ડગલું વિચારીને અને ધર્મની મર્યાદામાં રહીને ભરવું જોઈએ.




ભારતીય સંસ્કૃતિમાં શનિદેવને ન્યાયના દેવતા તરીકે પૂજવામાં આવે છે અને દેશના ખૂણેખૂણે તેમના અનેક ચમત્કારી અને ઐતિહાસિક મંદિરો આવેલા છે. આ મંદિરો માત્ર ધાર્મિક આસ્થાના કેન્દ્રો જ નથી, પરંતુ સ્થાપત્ય અને આધ્યાત્મિક ઉર્જાના અદભૂત નમૂના પણ છે. ભારતભરમાં પથરાયેલા આ પ્રસિધ્ધ ધામોમાં ભક્તો પોતાના કષ્ટોના નિવારણ માટે અને શનિદેવની કૃપા મેળવવા માટે મોટી સંખ્યામાં ઉમટી પડે છે.

શનિદેવના મંદિરોની વાત આવે ત્યારે મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લામાં આવેલું શનિ શિંગણાપુર ટોચ પર આવે છે. આ સ્થાનની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં શનિદેવ કોઈ ભવ્ય મૂર્તિ સ્વરૂપે નહીં, પરંતુ એક વિશાળ કાળા પથ્થરના શિલા સ્વરૂપે ખુલ્લા આકાશ નીચે બિરાજમાન છે. આ ગામની લોકવાયકા અને શક્તિ એવી છે કે અહીંના ઘરોમાં ક્યારેય તાળા મારવામાં આવતા નથી. લોકો માને છે કે શનિદેવ સ્વયં આ ગામની રક્ષા કરે છે અને કોઈ ચોરી કરવાનું સાહસ કરી શકતું નથી. અહીં ભક્તો શનિદેવ પર તેલનો અભિષેક કરીને ધન્યતા અનુભવે છે. દેશની રાજધાની દિલ્હીમાં છતરપુર રોડ પર આવેલું શનિધામ મંદિર તેની ભવ્યતા માટે જાણીતું છે. આ મંદિરમાં શનિદેવની વિશ્વની સૌથી ઊંચી મૂર્તિઓમાંની એક સ્થાપિત છે. આ મંદિરનું વાતાવરણ અત્યંત શાંત અને આધ્યાત્મિક છે. અહીં પ્રાકૃતિક રીતે શનિદેવની પૂજા-અર્ચના કરવામાં આવે છે અને એવું માનવામાં આવે છે કે જે ભક્તો અહીં સાચા મનથી શનિ ચાલીસાના પાઠ કરે છે, તેમના જીવનના તમામ ગ્રહદોષો દૂર થાય છે.દક્ષિણ ભારતમાં તમિલનાડુના તિરુનલ્લારમાં આવેલું શ્રી શનિશ્વરન મંદિર નવગ્રહ મંદિરોમાં અત્યંત મહત્વનું સ્થાન ધરાવે છે. આ મંદિર કાવેરી નદીના કિનારે આવેલું છે. એવી માન્યતા છે કે રાજા નલને જ્યારે શનિની દશા બેઠી હતી, ત્યારે તેમણે અહીંના પવિત્ર કુંડમાં સ્નાન કરીને શનિદેવની આરાધના કરી હતી, જેનાથી તેઓ પાપમુક્ત થયા હતા. આજે પણ હજારો ભક્તો શનિદોષમાંથી મુક્તિ મેળવવા માટે અહીંના 'નલ તીર્થ' માં સ્નાન કરીને ભગવાનના દર્શન કરે છે.ઉત્તર પ્રદેશના મથુરા પાસે કોસીકલાંમાં આવેલું કોકિલાવન શનિ મંદિર ભગવાન કૃષ્ણ અને શનિદેવના મિલનનું પ્રતીક મનાય છે. પૌરાણિક કથા મુજબ, શનિદેવે ભગવાન કૃષ્ણના દર્શન કરવા માટે અહીં કઠોર તપસ્યા કરી હતી. શનિદેવની ભક્તિથી પ્રસન્ન થઈને શ્રીકૃષ્ણએ તેમને કોયલ (કોકિલા) સ્વરૂપે દર્શન આપ્યા હતા. આ જ કારણે આ સ્થળ 'કોકિલાવન' તરીકે ઓળખાય છે. અહીં શનિદેવની પરિક્રમા કરવાનું વિશેષ મહત્વ છે, જેનાથી ભક્તોને માનસિક શાંતિ મળે છે. મધ્ય પ્રદેશના ગ્વાલિયર પાસે મુરૈનામાં આવેલું શનિ મંદિર ભારતનું સૌથી પ્રાચીન શનિ મંદિર માનવામાં આવે છે. લોકવાયકા મુજબ, અહીં હનુમાનજીએ રાવણની કેદમાંથી મુક્ત કરાવેલા શનિદેવને સ્થાપિત કર્યા હતા. આ મંદિર એક પહાડી પર આવેલું છે અને અહીં શનિદેવના દર્શન માત્રથી શનિની સાડાસાતીની પીડામાં રાહત મળે છે તેવી શ્રદ્ધા છે. આ ઉપરાંત, ઉજ્જૈનમાં શિપ્રા નદીના કિનારે આવેલું 'નવગ્રહ શનિ મંદિર' પણ તાંત્રિક અને જ્યોતિષીય દ્રષ્ટિએ અત્યંત પ્રભાવશાળી માનવામાં આવે છે.

આમ, ભારતના આ વિવિધ પ્રદેશોમાં આવેલા શનિ મંદિરો ભક્તોને અંધકારમાંથી પ્રકાશ તરફ જવાની પ્રેરણા પૂરી પાડે છે અને કર્મની પ્રધાનતાનો સંદેશ આપે છે. શનિદેવની પૂજા એ માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ સ્વ-સુધારણાનો સંકલ્પ છે. શનિવારે પીપળાના વૃક્ષની પૂજા કે ગરીબોને દાન આપવાનો મહિમા એટલા માટે છે કે પીપળો ઓક્સિજન આપીને જગતનું કલ્યાણ કરે છે અને ગરીબોની સેવા એ જ સાચી ઈશ્વર ભક્તિ છે. શનિદેવ એવા લોકો પર હંમેશા પ્રસન્ન રહે છે જેઓ મજૂર વર્ગનું સન્માન કરે છે અને અસહાયોને મદદરૂપ થાય છે. અંતે, શનિદેવની કથા આપણને એ જ શીખવે છે કે સમય ગમે તેટલો બળવાન હોય, પરંતુ જો મનુષ્યનું સત્ય અને ધર્મ પ્રત્યેનું મનોબળ મક્કમ હોય, તો શનિદેવ તેને કષ્ટ આપીને પણ અંતે તો સુખ અને સમૃધ્ધિના શિખરે જ બેસાડે છે. આમ, શનિદેવ એ ડરનું નહીં પણ શ્રધ્ધા, શિસ્ત અને ન્યાયનું પરમ તેજ પુંજ છે.

## શબ્દ સંજોગ-૨૧૯૭



**આડી ચાવી :**
(૧) શ્રી કૃષ્ણ (૩)
(૨) બળદની ચાર જોડ (૩)
(૩) થાકેલુ (૨)
(૪) ચોગરદમ ફરતી હદ (૩)
(૫) ઘરડુ, જીર્ણ (૩)
(૮) ફાંસીગર (૩)
(૯) નિશાન (૩)
(૧૦) પનો, જાઈતુ, સફળ (૨)
(૧૧) વાંસળી (૨)
(૧૨) મધ્યપ્રદેશનું એક ગામ (૩)
(૧૩) પ્રભુ, પરવરદિગાર (૨)
(૧૫) પ્રેમ, ઈશ્ક (૨)
(૧૬) ઘસારો (૨)
(૧૭) કંકણ, કડુ (૩)
(૧૯) માટીનો કણ (૨)
(૨૧) ચેન્નઈ પહેલા આ નામે ઓળખાતુ (૩)
(૨૩) જીભ ચચરે તેવુ (૩)
(૨૫) જખ્મી, ઈજા પામેલુ (૨)
(૨૭) પાક્કુ, હોશિયાર (૨)

**ઉભી ચાવી :**
(૧) માથે ભાર મૂકવા માટે કરાયેલો કપડાનો વીંટો (૩)
(૪) પ્રભાત, સવાર (૩)
(૬) નજર, યાદદાસ્ત (૩)
(૭) દ્રષ્ટિ (૩)
(૯) આબાદ, સધ્ધર (૪)
(૧૧) વરસાદનું પાણી (૩)
(૧૨) છતનું રંગબેરંગી કપડું (૪)
(૧૪) વચન, કબૂલાત (૪)
(૧૮) બારમાસ, વર્ષ (૩)
(૨૦)વીસ ઘા કાગળ (૨)
(૨૨) એક છંદ (૩)
(૨૪) એક ફળ (૨)
(૨૬) બરફ (૨)
(૨૮) સતત ચાલુ નહિ તેવુ (૪)
(૨૯) ઘડિયાળનો અવાજ (૪)

## શબ્દ સંજોગ-૨૧૯૬ જવાબ

**આડી ચાવી:** (૧) શ્વાસોશ્વાસ (૪) સંસાર (૬) સમ (૭) કવિતા (૮) સિદ્ધિ (૯) નાઘેર (૧૦) નજીક (૧૨) નથ (૧૩) કંઠ (૧૫) કદ (૧૬) કાન (૧૭) લસણ (૧૯) રાજી (૨૦) કાકા (૨૧) સેજ (૨૨) ડકરો રોકડ (અ) (૨૩) વદન (૨૫) વટ (૨૬) તમણ (૨૭) પ્રદીપ. **ઉભી ચાવી:** (૧) શ્વાસ (૨) સોમનાથ (૩) સકરકંદ (૪) સંતાન (૫) રસિક (૧૧) જીવન (૧૨) નકુલ (૧૪) સિસકારો (૧૫) કણ (૧૬) કાજી (૧૮) સરોદ (૧૯) રાજવણ (૨૦) કાકલૂદી (૨૩) વક્ર (૨૪) નત.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| રાજકોટ | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૬૨૫ | ૨૦૨૨ |
| ઘઉં લોકવન | ૪૫૫ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૯૦ |
| જુવાર સફેદ | ૯૦૧ | ૧૦૬૦ |
| જુવાર લાલ | ૮૨૬ | ૯૮૦ |
| જુવાર પીળી | ૩૯૫ | ૪૩૦ |
| બાજરી | ૩૩૦ | ૪૪૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૪૯૫ |
| ચણા પીળા | ૯૨૫ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૭૪૫ |
| અડદ | ૧૨૪૦ | ૧૬૨૨ |
| મગ | ૧૪૦૦ | ૧૮૬૫ |
| વાલ દેશી | ૩૫૦ | ૯૩૦ |
| ચોળી | ૧૦૦૦ | ૧૫૬૦ |
| વટાણા | ૫૦૦ | ૯૭૦ |
| કળથી | ૩૦૬ | ૩૫૧ |
| રાજમા | ૪૫૦ | ૧૮૫૪ |
| સીંગદાણા | ૧૬૪૦ | ૧૯૬૬ |
| મગફળી જાડી | ૧૨૪૦ | ૧૬૮૦ |
| મગફળી જીણી | ૧૨૩૦ | ૧૭૧૫ |
| તલી | ૧૮૦૦ | ૨૧૦૦ |
| સુરજમુખી | ૧૪૨૫ | ૧૪૨૫ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૯૦ |
| અજમો | ૧૪૫૦ | ૨૧૫૦ |
| સુવા | ૧૧૦૦ | ૧૫૨૫ |
| સોયાબીન | ૧૨૫૫ | ૧૪૩૫ |
| સીંગફાડા | ૧૩૭૦ | ૧૮૭૦ |
| કાળા તલ | ૨૧૦૦ | ૩૪૫૦ |
| લસણ | ૮૨૫ | ૧૫૯૦ |
| ધાણા | ૨૦૫૦ | ૨૪૫૦ |
| મરચા સુકા | ૪૦૦ | ૩૬૦૦ |
| ધાણી | ૨૨૦૦ | ૨૬૫૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૮૦૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૯૮૦ |
| રાય | ૧૨૫૦ | ૧૫૯૯ |
| મેથી | ૧૧૦૦ | ૧૯૧૯ |
| અશેરીયો | ૯૨૫ | ૧૧૦૦ |
| કલોંજી | ૨૮૦૦ | ૩૪૮૪ |
| રાયડો | ૧૦૧૦ | ૧૩૫૧ |
| રજકાનું બી | ૫૨૦૦ | ૬૭૫૦ |

| રાજકોટ (શાકભાજી) | | |
|---|---|---|
| કેરી કાચી | ૩૩૧ | ૫૪૧ |
| લીંબુ | ૨૨૮૫ | ૪૬૯૧ |
| સાકરટેટી | ૧૪૪ | ૨૫૬ |
| તરબુચ | ૧૦૭ | ૨૧૧ |
| પપૈયા | ૮૫ | ૧૬૮ |
| બટેટા | ૧૦૫ | ૨૮૬ |
| ડુંગળી સુકી | ૫૧ | ૨૯૦ |
| ટમેટા | ૩૧૮ | ૫૨૧ |
| સુરણ | ૭૮૮ | ૯૮૦ |
| કોથમરી | ૬૩૯ | ૮૧૧ |
| મુળા | ૪૦૩ | ૫૮૮ |
| રીંગણા | ૧૨૫ | ૨૨૨ |
| કોબીજ | ૧૧૨ | ૨૦૮ |
| ફ્લાવર | ૨૩૬ | ૪૪૮ |
| ભીંડો | ૧૪૫ | ૨૫૨ |
| ગુવાર | ૩૦૧ | ૭૦૪ |
| ચોળાસીંગ | ૪૩૭ | ૮૦૫ |
| ટીંડોળા | ૩૭૧ | ૭૬૮ |
| દુધી | ૧૩૫ | ૨૪૮ |
| કારેલા | ૧૯૬ | ૩૫૧ |
| સરગવો | ૨૬૧ | ૫૧૧ |
| તુરીયા | ૩૪૧ | ૬૩૩ |
| પરવર | ૫૧૨ | ૭૧૮ |
| કાકડી | ૧૮૬ | ૩૭૪ |
| ગાજર | ૨૮૯ | ૪૯૮ |
| વટાણા | ૧૨૧૨ | ૧૩૯૮ |
| ગલકા | ૧૮૫ | ૩૦૯ |
| બીટ | ૧૬૨ | ૩૩૩ |
| મેથી | ૫૭૮ | ૭૯૦ |
| ડુંગળી લીલી | ૫૮૪ | ૭૫૫ |
| આદુ | ૧૪૨૧ | ૧૬૦૧ |
| મરચા લીલા | ૫૧૨ | ૭૨૫ |
| મકાઇ લીલી | ૧૫૮ | ૩૧૬ |
| ગુંદા | ૨૬૪ | ૪૬૯ |

| ગોંડલ | | |
|---|---|---|
| કપાસ | ૧૧૧૧ | ૧૯૨૧ |
| ઘઉં લોકવન | ૪૫૧ | ૫૩૬ |
| ઘઉં ટુકડા | ૪૫૬ | ૫૫૪ |
| મગફળી જીણી | ૧૨૮૬ | ૧૭૦૧ |
| સિંગદાણા જાડા | ૧૬૫૧ | ૧૮૫૧ |
| સિંગ ફાડીયા | ૧૫૫૧ | ૧૮૨૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૦ | ૧૩૧૬ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૦૩૧ |
| ક્લંજી | ૧૧૦૧ | ૩૪૯૧ |
| ધાણા | ૧૫૦૧ | ૨૫૪૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૮૦૧ | ૬૯૦૧ |
| લસણ સુકું | ૬૯૧ | ૧૬૫૧ |
| ડુંગળી લાલ | ૭૧ | ૩૨૬ |
| અડદ | ૭૦૦ | ૧૬૩૧ |
| મઠ | ૩૦૧ | ૭૦૧ |
| તુવેર | ૮૫૧ | ૧૫૧૧ |
| રાયડો | ૧૨૪૧ | ૧૨૫૧ |
| રાય | ૧૩૬૧ | ૧૪૨૧ |
| મેથી | ૮૫૧ | ૧૬૯૧ |
| કાંગ | ૫૦૧ | ૫૪૧ |
| મરચા | ૧૯૦૧ | ૭૫૦૧ |
| મગફળી જાડી | ૧૧૭૧ | ૧૭૦૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૬૭૧ |
| તલ - તલી | ૧૪૦૧ | ૨૨૪૧ |
| ધાણી | ૧૬૦૧ | ૨૬૫૧ |
| ડુંગળી સફેદ | ૨૨૬ | ૨૬૪ |
| બાજરો | ૩૧૧ | ૩૯૧ |
| જુવાર | ૩૧૧ | ૯૭૧ |
| મકાઇ | ૩૧૧ | ૪૭૧ |
| મગ | ૮૦૧ | ૧૭૭૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૮૬ |
| ચોળા / ચોળી | ૪૦૧ | ૧૫૫૧ |
| સોયાબીન | ૧૨૦૧ | ૧૫૦૬ |
| કળથી | ૨૦૦ | ૨૦૦ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૨૧ |
| વટાણા | ૩૬૧ | ૯૩૧ |

| ગોંડલ (શાકભાજી) | | |
|---|---|---|
| ટમેટા | ૧૮૦ | ૫૦૦ |
| મરચા | ૧૮૦ | ૮૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૯૦૦ |
| કોબી | ૧૦૦ | ૨૪૦ |
| દુધી | ૪૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૩૦૦ |
| કાકડી | ૮૦ | ૫૦૦ |
| રીંગણા | ૧૦ | ૩૦૦ |
| ભીંડો | ૧૦ | ૪૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૮૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૮૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૮ | ૧૨ |
| કોથમીર પુરા | ૧ | ૨ |
| મૂળા પુરા | ૪ | ૧૦ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| ચૂણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| parvar | ૪૦૦ | ૫૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૫૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૦૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૧ |
| બીટ પુરા | ૫ | ૧૨ |
| સરગવો પુરા | ૮ | ૧૫ |
| ચોરા | ૨૦૦ | ૯૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| મગફળી લીલી | ૭૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૭૦૦ |
| મકાઇ ડોડા | ૧૦૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૩ | ૮ |

| અમરેલી | | |
|---|---|---|
| શિંગ મોટી | ૧૦૪૦ | ૧૪૮૦ |
| શિંગદાણા | ૧૭૫૦ | ૧૯૩૦ |
| શિંગદાણા ફાડા | ૧૧૫૦ | ૧૯૦૦ |
| તલ સફેદ | ૧૦૬૦ | ૨૪૩૦ |
| તલ કાળા | ૨૩૫૦ | ૩૭૫૦ |
| તલ કાશમીરી | ૨૧૬૫ | ૨૧૬૫ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૬૩૦ |
| ઘઉં લોકવન | ૪૧૦ | ૪૮૦ |
| મકાઈ | ૩૦૦ | ૩૭૫ |
| અડદ | ૧૫૭૦ | ૧૫૭૦ |
| ચણા | ૮૮૦ | ૧૦૬૦ |
| સફેદ ચણા | ૯૮૫ | ૧૦૨૫ |
| તુવેર | ૯૨૦ | ૧૪૩૦ |
| કપાસ | ૧૦૦૦ | ૨૦૩૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૭૫ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૬૧૦ |
| રાયડો | ૧૧૧૦ | ૧૧૧૦ |
| ધાણી | ૧૯૦૦ | ૨૫૦૦ |
| મેથી | ૧૦૪૦ | ૧૩૩૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૪૨૫ |
| મરચા લાંબા | ૪૯૦ | ૬૫૦ |
| છોલે ચણા | ૧૨૪૦ | ૧૩૭૦ |
| મગ | ૧૫૬૦ | ૧૭૫૦ |

| અમરેલી (શાકભાજી) | | |
|---|---|---|
| બટેટા | ૧૯૦ | ૨૭૦ |
| રીંગણા | ૪૨૦ | ૭૨૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૫૦ |
| કોબીજ | ૨૪૦ | ૩૫૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૫૦૦ | ૬૦૦ |
| સુરણ | ૮૨૦ | ૯૫૦ |
| ગાજર | ૫૦૦ | ૭૦૦ |
| દુધી | ૧૬૦ | ૨૨૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૨૫૦ | ૩૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ચોળા લીલા | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૯૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૩૫૦ |
| આદુ | ૧૭૫૦ | ૨૩૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૯૦૦ | ૧૨૫૦ |
| ફોદીનો | ૪૩૦ | ૫૪૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૩૦ |
| બીટ | ૨૪૦ | ૩૫૦ |
| સરગવો | ૪૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૪૨૦ | ૬૩૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ સુકું | ૧૦૮૦ | ૨૦૫૦ |
| પાલક | ૪૮૦ | ૫૯૦ |
| લીબુ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૨૦ |
| ગુંદા | ૪૫૦ | ૬૨૦ |
| કાચી કેરી | ૮૫૦ | ૧૦૫૦ |
| પાકી કેરી | ૧૦૦૦ | ૧૮૦૦ |
| ગરમર | ૬૩૦ | ૮૨૦ |

| સાવરકુંડલા | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૨૨૫ | ૧૪૬૫ |
| શીંગ મોટી | ૧૨૫૦ | ૧૪૭૦ |
| શીંગ નવી | ૧૨૦૦ | ૧૬૦૨ |
| રાય | ૧૧૦૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૧૯૫૦ | ૨૫૮૧ |
| તલ કાળા | ૩૨૫૦ | ૩૫૫૧ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૮૩૧ |
| કપાસ | ૧૬૦૦ | ૧૯૨૫ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| બાજરો | ૪૫૦ | ૫૨૩ |
| જુવાર | ૬૦૦ | ૯૫૨ |
| ચણા | ૧૦૩૦ | ૧૦૭૨ |
| દેશી ચણા | ૧૦૦૦ | ૧૦૬૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૦૧ |
| એરડી | ૧૨૦૦ | ૧૨૪૮ |
| મેથી | ૧૨૭૦ | ૧૩૫૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૪૫૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૧૦ |

| ધારી | | |
|---|---|---|
| મગફળી | ૧૧૭૫ | ૧૨૭૦ |
| ઘઉં | ૪૨૩ | ૪૫૦ |
| ચણા | ૯૯૨ | ૧૦૪૫ |
| તુવેર | ૧૨૮૫ | ૧૨૮૫ |
| ધાણા | ૨૧૪૫ | ૨૨૨૫ |
| એરંડા | ૧૧૯૧ | ૧૨૨૦ |
| જુવાર | ૮૦૦ | ૮૦૦ |
| તલ | ૧૯૫૫ | ૧૯૫૫ |
| છોલે ચણા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| શીંગ દાણા | ૧૫૫૦ | ૧૯૫૫ |

| બગસરા | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૭૫૦ |
| ઘઉ લોકવન | ૩૭૦ | ૪૭૧ |
| ઘઉ ટુકડા | ૪૬૧ | ૪૬૧ |
| ચણા | ૧૦૦૬ | ૧૦૩૭ |
| ધાણા | ૧૭૦૦ | ૨૨૪૫ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| શીંગદાણા | ૧૪૮૦ | ૧૫૦૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૨૫૦ |
| ચણા સફેદ | ૯૯૨ | ૧૦૦૫ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૯૫ |
| મગફળી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| તલ કાળા | ૧૭૭૧ | ૩૨૫૦ |
| લસણ | ૩૫૫ | ૩૫૫ |

| બાબરા | | |
|---|---|---|
| કપાસ | ૧૬૮૦ | ૨૦૪૫ |
| કપાસ મીડીયમ | ૧૫૯૦ | ૧૬૭૦ |
| મગફળી | ૧૨૪૦ | ૧૪૦૦ |
| જીરૂ | ૩૧૪૦ | ૩૮૮૦ |
| ચણા | ૧૦૪૦ | ૧૦૭૦ |
| ઘઉ | ૪૬૫ | ૫૨૫ |
| તુવેર | ૧૨૩૦ | ૧૪૪૦ |
| મગ | ૧૩૯૦ | ૧૭૪૦ |
| એરંડા | ૧૦૧૫ | ૧૨૧૫ |
| તલ કાળા | ૨૭૮૦ | ૩૪૫૦ |
| તલ સફેદ | ૧૫૯૦ | ૨૧૬૦ |

| ભેંસાણ | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૧ | ૧૯૪૬ |
| ઘઉં | ૩૫૧ | ૪૮૬ |
| ચણા | ૮૦૧ | ૧૦૬૬ |
| તુવેર | ૭૦૧ | ૧૪૧૧ |
| મગફળી | ૧૧૦૧ | ૧૪૫૬ |
| જીરૂ | ૨૨૦૧ | ૨૨૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૨૫૬ |
| સોયાબીન | ૮૦૧ | ૧૪૧૬ |
| મેથી | ૬૦૧ | ૧૨૭૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૩૯૬ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૨૧૫૬ |
| મગ | ૧૦૦૧ | ૧૬૮૧ |
| બાજરો | ૪૯૧ | ૪૯૧ |

| મહુવા | | |
|---|---|---|
| શીંગ ઉનાળુ મગડી | ૧૩૯૧ | ૧૬૨૭ |
| શીંગ ૩૨ | ૧૧૯૫ | ૧૩૦૦ |
| શીંગ ૬૬ | ૧૧૨૫ | ૧૩૫૫ |
| શીંગ જી-૨૦ | ૧૧૫૦ | ૧૩૧૧ |
| એરંડા | ૧૦૯૧ | ૧૨૭૬ |
| જુવાર | ૩૩૩ | ૯૮૧ |
| બાજરી | ૨૫૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૨૪૦ | ૬૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૩૦૦ |
| અડદ | ૩૦૦ | ૧૬૬૫ |
| મગ | ૭૯૦ | ૧૭૧૮ |
| ચણા | ૯૪૫ | ૧૦૫૯ |
| તલ સફેદ | ૫૦૦ | ૨૩૬૧ |
| તલ કાળા | ૮૦૦ | ૩૫૦૦ |
| તુવેર | ૫૦૦ | ૨૩૬૧ |
| જીરૂ | ૮૫૦ | ૩૮૦૦ |
| ડુંગળી લાલ | ૬૧ | ૩૧૭ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૩૪૦ |
| નાળીયેર | ૫૭૧ | ૨૬૪૦ |

| કોડીનાર | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૫૨૮ |
| બાજરી હાઈબ્રીડ | ૩૨૫ | ૪૯૨ |
| ઘઉં | ૪૨૧ | ૪૭૪ |
| રાય | ૧૨૫૦ | ૧૪૨૨ |
| રાયડો | ૧૦૬૦ | ૧૧૫૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૨૫ |
| જુવાર | ૭૫૦ | ૯૪૨ |
| અડદ | ૧૫૦૦ | ૧૬૪૯ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૪૫ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૪૨૨ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૫૨૨ |
| સફેદ તલ | ૧૪૫૦ | ૨૧૧૬ |
| એરડી | ૧૧૦૦ | ૧૨૦૦ |

| જામનગર | | |
|---|---|---|
| બાજરો | ૭૯૦ | ૯૨૫ |
| ઘઉં | ૪૦૦ | ૪૮૩ |
| મગ | ૧૦૦૦ | ૧૭૫૫ |
| અડદ | ૩૪૫ | ૧૦૯૦ |
| તુવેર | ૮૦૦ | ૧૪૩૦ |
| વાલ | ૫૦૦ | ૧૦૬૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૫૮૦ |
| ચણા | ૭૫૦ | ૧૦૯૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૪૦૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૩૯૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૬૭ |
| તલ | ૧૭૦૦ | ૨૦૦૦ |
| રાયડો | ૧૨૦૦ | ૧૩૨૦ |
| રાઈ | ૧૨૫૦ | ૧૫૧૦ |
| લસણ | ૮૮૦ | ૧૯૯૦ |
| કપાસ | ૧૫૦૦ | ૧૮૬૫ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૮૩૫ |
| અજમો | ૧૩૦૦ | ૨૮૪૫ |
| અજમાની ભૂસી | ૫૦ | ૨૧૦૦ |
| ધાણા | ૧૭૭૫ | ૨૪૦૦ |
| વટાણા | ૨૦૦ | ૮૩૫ |
| રાજમા | ૨૦૦ | ૪૦૦ |
| કલોંજી | ૨૨૦૦ | ૩૪૨૫ |
| જુવાર | ૭૯૦ | ૯૨૫ |


| રાજુલા | | |
|---|---|---|
| શીંગ | ૧૧૬૬ | ૧૪૯૦ |
| તલ સફેદ | ૧૭૦૧ | ૨૩૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૮૬૬ |
| બાજરો | ૩૦૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૩૯૧ | ૪૬૬ |
| જુવાર | ૩૭૧ | ૧૦૨૫ |
| મકાઈ | ૪૮૫ | ૪૮૫ |
| મગ | ૯૦૦ | ૧૭૬૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ચણા | ૬૫૦ | ૧૦૫૧ |
| ધાણા | ૧૭૦૦ | ૨૨૦૧ |
| મેથી | ૧૧૦૦ | ૧૨૫૦ |
| સોયાબીન | ૧૨૫૧ | ૧૨૫૧ |
| રાય | ૧૨૦૦ | ૧૨૪૦ |
| અજમા | ૧૮૦૧ | ૧૮૦૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ટેકાના ભાવમાં વધારો ખેડૂતોની સમૃધ્ધિ તરફ કેન્દ્ર સરકારનું ઐતિહાસિક પગલું: હિરેન હીરપરા

અમરેલી,તા.૧૪

ભારતીય જનતા પાર્ટી કિસાન મોરચાના અધ્યક્ષ હિરેન હીરપરાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬ માટે વિવિધ ખરીફ પાકોના લઘુત્તમ ટેકાના ભાવ (MSP)માં કરવામાં આવેલ વધારો ખેડૂતોના હિતમાં લેવાયેલ ઐતિહાસિક અને દુરંદેશી નિર્ણય છે. "ખેડૂત સમૃધ્ધ બનશે તો દેશ સમૃધ્ધ બનશે" આ મંત્રને ફરી એકવાર સાકાર કરતી કેન્દ્ર સરકારએ જગતના તાત્ માટે વિશ્વાસ, સન્માન, સુરક્ષા અને સમૃધ્ધિનો માર્ગ વધુ મજબૂત બનાવ્યો છે. સોયાબીન, બાજરી, તુવેર, કપાસ તથા તલ સહિત વિવિધ ખરીફ પાકોના ટેકાના ભાવમાં નોંધપાત્ર વધારો કરીને નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની મહેનતને યોગ્ય સન્માન આપ્યું છે. ખાસ કરીને બાજરીમાં રૂ.૯૨૫ તથા કપાસમાં રૂ.૫૫૭નો વધારો ગુજરાતના



ખેડૂતો માટે અત્યંત લાભદાયી અને પ્રોત્સાહક સાબિત થશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા MSPમાં કરવામાં આવેલ વધારો માત્ર ભાવવધારો નથી, પરંતુ ખેડૂતોની મહેનત, પરિશ્રમ અને આત્મવિશ્વાસને આપવામાં આવેલ સન્માન છે. આ નિર્ણયથી ગુજરાત સહિત દેશભરના ખેડૂતોને વધુ પ્રોત્સાહન મળશે અને કૃષિ ક્ષેત્ર વધુ આત્મનિર્ભર બનશે. હિરેન હીરપરાએ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તથા માનનીય કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજયમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ: અમરેલી સહિતના શહેરોમાં સુર્યનારાયણ આકરાપાણીએ

અમદાવાદ,તા.૧૪

સમગ્ર ગુજરાત રાજ્યમાં હાલ ઉનાળાના આકરા તાપને કારણે લોકો મુશ્કેલીમાં મુકાયા છે અને કાળઝાળ ગરમીથી જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત બની ગયું છે. ખાસ કરીને કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં ગરમીનું પ્રમાણ વધતા તંત્ર દ્વારા ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યના મોટાભાગના



શહેરો જેવા કે અમદાવાદ, રાજકોટ, વડોદરા અને પાટણમાં તાપમાનનો પારો ૪૨ થી ૪૫ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો છે, જેના કારણે લૂ લાગવાના અને તાવના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થવાથી ઉત્તર ગુજરાતમાં ગરમીની તીવ્રતા વધુ અનુભવાઈ રહી છે.

આ ગંભીર પરિસ્થિતિમાં હીટ સ્ટ્રોકથી બચવા માટે નાગરિકોએ દિવસ દરમિયાન પુષ્કળ પ્રમાણમાં પાણી, નારિયેળ પાણી અને લીંબુ શરબત જેવા પ્રવાહીનો ઉપયોગ કરવો જોઈએ તેમજ બપોરના સમયે સીધા સૂર્યપ્રકાશમાં નીકળવાનું ટાળવું અત્યંત આવશ્યક છે.

# લીલીયા તાલુકાનો સ્વાગત કાર્યક્રમ તા.૨૫મેએ યોજાશે

અમરેલી,તા.૧૪

લીલીયા તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૫ મેના રોજ સવારે ૧૧:૦૦ કલાકે લીલીયા તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્નો રજૂ કરવા માંગતા હોય, તે નાગરિકોએ સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો તા.૧૫ મે, ૨૦૨૬ના રોજ બપોરે ૦૩:૦૦ કલાક સુધીમાં લીલીયા તાલુકા મામલતદાર કચેરી ખાતે રુબરુ અથવા પોસ્ટ મારફતે મોકલવી. અરજીના મથાળે "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" અવશ્ય લખવું, તેમ લીલીયા તાલુકા મામલતદારે એક યાદીમાં જણાવ્યું છે.

# વિસાવદરમાં પ્રેમ લગ્ન કરનાર પરિણીતાને પતિએ ધમકી આપી ઘરેથી કાઢી મૂકી

વિસાવદર, તા. ૧૪

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના પ્રેમપરા ગામે સાસરિયાઓ દ્વારા પરિણીતાને શારીરિક અને માનસિક ત્રાસ આપવાની વધુ એક ઘટના સામે આવી છે. પ્રેમ લગ્ન કરનાર પરિણીતાને કરિયાવર લાવવા બાબતે મેણા-ટોણા મારી, મારઝૂડ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી પહેરેલા કપડે ઘરની બહાર કાઢી મૂકતા ચકચાર મચી ગઈ છે.આ અંગે દયાબેન કાનાભાઈ ચારોલીયા (ઉ.વ. ૨૬)એ પતિ કાનાભાઈ વેલજીભાઈ ચારોલીયા, સાસુ સવિતાબેન વેલજીભાઈ ચારોલીયા તથા સસરા વેલજીભાઈ માવજીભાઈ ચારોલીયા સામે ફરિયાદ નોંધાવી છે.મળતી માહિતી મુજબ, વર્ષ ૨૦૨૩માં લગ્ન કરનાર પરિણીતાને તેના પતિ, સાસુ અને સસરા દ્વારા લગ્ન સમયથી જ ત્રાસ આપવામાં આવતો હતો. સાસરિયાઓ વારંવાર પરિણીતાને "તારા માવતરે કાંઈ શીખવ્યું નથી, તું પ્રેમ લગ્ન કરીને આવી છે અને પિતાના ઘરેથી કોઈ કરિયાવર લાવી નથી" તેમ કહી મેણા-ટોણા મારતા હતા.

આરોપીઓએ પરિણીતાને શારીરિક અને માનસિક રીતે અત્યંત પરેશાન કરી હતી.ગત ૧૭ જુલાઈના રોજ વિવાદ વકરતા પતિએ બિભત્સ ગાળો આપી, ઢીકાપાટુનો મૂઢ માર માર્યો હતો. એટલું જ નહીં, જાનથી મારી નાખવાની ધમકી આપી પરિણીતાને પહેરેલા કપડે ઘરની બહાર હાંકી કાઢી હતી.

# અમરેલી જિલ્લામાં આજે રોજગાર ભરતીમેળો

અમરેલી,તા.૧૪

અમરેલી જિલ્લાના રોજગાર ઈચ્છુકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર અગ્રગણ્ય એકમો માટે ૧૮ થી ૪૦ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાને અનુરૂપ ધો.૧૦, ધો. ૧૨ તથા સ્નાતક, બ્યૂટીશિયન, હેર ડ્રેસર (ધો.૧૦-કોમ્પ્યુટર નોલેજ) અને બ્યૂટીપાર્લરનો કોર્ષ કરેલ હશે તેમને પ્રાથમિકતા આપવામાં આવશે. કેશિયર-બી.કોમ, એમ.કોમ, સ્ટોક મેનેજર, ફ્લોર મેનેજર-બીબીએ, એમ.બી.એ શૈક્ષણિક લાયકાત ધરાવનાર માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી ભરતી મેળો યોજાશે. આ ભરતીમેળામાં ભાગ લેવા રોજગાર ઈચ્છુકોએ જરૂરી દસ્તાવેજ સાથે તા.૧૫.૦૫.૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પ્રથમ માળ, બહુમાળી ભવન, અમરેલી ખાતે ઉપસ્થિત થવાનું રહેશે.

## અવસાન નોંધ

**અમરેલી**

સ્વ.દિનકરરાય ભાઈલાલભાઈ જોશી (ઉ.વ.૮૯)નું તા.૧૪/૦૫/૨૦૨૬ને ગુરુવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે સ્વ.ઈન્દુભાઈ જોશી અને સ્વ.રમેશચંદ્ર જોશીના મોટાભાઈ, પારસકુમારના પિતા થાય છે. તેમનુ સદગત બેસણુ તા.૧૮ને સોમવારના રોજ સાંજે ૫:૦૦થી ૭:૦૦ સુધી તેમના નિવસસ્થાને જલારામ નગર-૧, શેરી નં.૨, મારૂતિ કિરાણા સ્ટોર વાળી ગલી, અમરેલી ખાતે રાખેલ છે.


## :: અસલ સનદ ગુમ થયા અંગેની જાહેર નોટીસ ::

આથી હું નીચે સહી કરનાર ધર્મેશભાઈ પ્રેમદાસભાઈ નિરંજની, રહે.દામનગર, તા.લાઠી, જી.અમરેલીનો આ જાહેર નોટીસથી લાગતા વળગતા સર્વેને જાણ/તાકીદ કરૂ છુ કેઃ

મારી બાનાખતવાળી મિલકતનુ વર્ણન નીચે પ્રમાણે છે.

દામનગર ગામે,પટેલ શેરી,વેલજીબાપાના જીન પાસે,તા.લાઠી,જી.અમરેલીમાં આવેલ રહેણાંક મકાનની મિલકત,
સીટી સર્વે નં.૧૨૩૭, જેના કુલ ચો.મી. ૧૨૯-૨૦,
રજીસ્ટર્ડ બાનાખત નં.૬૭૭, રજી. તારીખઃ ૫/૫/૨૦૨૬

ઉપરોકત મિલ્કતનો સબ-રજીસ્ટ્રાર કચેરી-લાઠી સમક્ષ અમારા અસીલના નામ જોગ બાનાખત રજીસ્ટર થયેલ છે.ઉપરોકત મિલકતના મુળ માલિક શ્રી કાળાભાઈ રણછોડભાઈ મંગરૂલીયાના નામ જોગ સનદ ઈસ્યુ થયેલ જે અસલ સનદ ઘનશ્યામભાઈ નથુભાઈ માળવીયાથી ખોવાઈ ગયેલ છે જે અંગેની લેખિતમા જાણ ઘનશ્યામભાઈ નથુભાઈ માળવીયાએ દામનગર પોલીસ ઈન્સ્પેકટ સાહેબશ્રીને તા.૮/૪/૨૦૨૬ના રોજ લેખિત અરજી આપી કરેલ છે.અને તે બાબતે દામનગર પોલીસ સ્ટેશન દ્વારા તપાસ કરી તા.૯/૫/૨૦૨૬ ના રોજ દાખલો લખી આપેલ છે.

સબબ આ નોટીસથી સર્વે લાગતા વળગતા ને જણાવવાનુ કે,ઉપરોકત જણાવેલ મિલ્કત ઉપર તેમજ સદરહુ સનદવાળી મિલકત અંગે કોઈનુ કોઈપણ પ્રકારનુ લેણ દેણ,હકક,હિત,હિસ્સો, લાગભાગ, અગ્રહકક, ગીરો–બોજો, તારણ, ભાડુઆતી હકક હોય તો તેમણે નીચે સહી કરનાર ને નીચે દર્શાવેલ સરનામે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩(ત્રણ)મા લેખીત આધાર પુરાવા સાથે રજુઆત કરવી,જો તેમ નહી કરવામાં આવેથી કોઈનુ કંઈ લેણ કે દેણ કે હક, હિત,હિસ્સો અગ્રહકક, ગીરો–બોજો,તારણકે ભાડુઆતી હકક નથી અને હોય તો જતા (WAIVE) કરેલ છે. તેમ માની આ મિલ્કત અંગે અમો ટાઈટલ કલીયરન્સ સટીફિકેટ અંગેની આગળની કાર્યવાહી કરીશું અને મુદત પુરી થયા બાદ કોઈ પણ વ્યકિતનો કોઈ પણ પ્રકારનો વાંધા કે તકરાર ધ્યાને લેવામાં આવશે નહિ. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તારીખઃ૧૫/૦૫/૨૦૨૬

**ધર્મેશભાઈ પ્રેમદાસભાઈ નિરંજની**
**ઠે.પરમાણંદ સોસાયટી,**
**તા. લાઠી, જી. અમરેલી,**
**મુ. દામનગર**

## મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૪૩/૨૦૨૬

શ્રી મહેશ વિનુભાઈ ગુજરાતી,
રહે.મેસપર, તા.ગોંડલ, જિ.રાજકોટ ૩૬૦૩૧૧
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - વિશળ હળમતીયા
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મહેશ વિનુભાઈ ગુજરાતી દ્વારા તેઓના માતૃશ્રીના પિતાશ્રી (એટલે કે અમારા નાનાશ્રી) શ્રી ભાયાભાઈ સીદાભાઈ ખાંટ સાખે કંડોળીયાનું અવસાન તા.૧૯/૦૭/૧૯૮૪ના રોજ ગામ મોજેઃ વિશળ હળમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી - વિશળ હળમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૩ મી માહે : મે સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

**સહી,**
**(આઈ.આર. પારગી)**
**મામલતદાર અને**
**એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ**
**ભેંસાણ**

## મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૪૪/૨૦૨૬

શ્રી મહેશ વિનુભાઈ ગુજરાતી,
રહે.મેસપર, તા.ગોંડલ, જિ.રાજકોટ ૩૬૦૩૧૧
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - વિશળ હળમતીયા
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મહેશ વિનુભાઈ ગુજરાતી દ્વારા તેઓના માતૃશ્રીના ભાઈ (એટલે કે અમારા મામાશ્રી) શ્રી શામજીભાઈ ભાયાભાઈ ખાંટ સાખે કંડોળીયાનું અવસાન તા.૦૫/૧૦/૧૯૮૦ના રોજ ગામ મોજેઃ વિશળ હળમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી - વિશળ હળમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૩ મી માહે : મે સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

**સહી,**
**(આઈ.આર. પારગી)**
**મામલતદાર અને**
**એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ**
**ભેંસાણ**

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૫૪/૨૦૨૬ તા.૦૮/૦૫/૨૦૨૬

શ્રી નસીમ ફીદાહેસેન ભારમલ
રહે.રાજકોટ, ઠે.નુરમસ્જીદ શેરી, જુની દરજી બજાર, તા./જી.રાજકોટ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી,
નગરપાલીકા વિસાવદર તા.વિસાવદર .........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી નસીમ ફીદાહેસેન ભારમલ રહે. રાજકોટ એ તેમનો જન્મ તા. ૨૦/૦૧/૧૯૭૩ ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ઓફીસરશ્રી, નગરપાલીકા વિસાવદર, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ઓફીસરશ્રી, નગરપાલીકા વિસાવદર, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૮ મી મે ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

**તૈયાર કરનાર** / **સહી.** / **(પી.વી. શિંગડીયા)** / **નાયબ મામલતદાર** / **વિસાવદર**

કોર્ટનો સિક્કો

**હુકમથી** / **સહી.** / **(આર.એન.ખોડભાયા)** / **એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ** / **વિસાવદર**

## મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં - ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૪૦/૨૦૨૬

શ્રી મહેશ વિનુભાઈ ગુજરાતી,
રહે.મેસપર, તા.ગોંડલ, જી. રાજકોટ-૩૬૦૩૧૧ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - વિશળ હડમતીયા
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મહેશવિનુભાઈગુજરાતીદ્વારાતેઓનામાતૃશ્રી(એટલેકેઅમારાનાનીશ્રી)રાજીબેન ભાયાભાઈ ખાંટ સાખે કંડોળીયા ડો./ઓ.સીદીભાઈ રાઠોડનું અવસાન તા.૨૫ ૦૪/૧૯૯૭ના રોજ ગામ/ મોજેઃ વિશળ હડમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી, વિશાળ હડમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણીની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખઃ-૧૩ મી માહેઃ મે સનેઃ૨૦૦૬નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

**સહી,**
**(આઈ.આર. પારગી)**
**મામલતદાર અને**
**એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ**
**ભેંસાણ**

## મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૪૨/૨૦૨૬

શ્રી મહેશ વિનુભાઈ ગુજરાતી,
રહે.મેસપર, તા.ગોંડલ, જિ.રાજકોટ ૩૬૦૩૧૧
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - વિશળ હળમતીયા
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મહેશ વિનુભાઈ ગુજરાતી દ્વારા તેઓના માતૃશ્રીના પરદાદી અને નાનાશ્રીના માતૃશ્રી (એટલે કે અમારા માતૃશ્રીના પરદાદી અને નાનીશ્રીના માતૃશ્રી) શ્રી દિવાળીબેન સીદાભાઈ ખાંટ સાખે કંડોળીયા ડો./ઓ. ડાયાભાઈ ગુજરાતીનું અવસાન તા.૧૨/૦૬/૧૯૭૧ના રોજ ગામ મોજેઃ વિશળ હળમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી - વિશળ હળમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૩ મી માહે : મે સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

**સહી,**
**(આઈ.આર. પારગી)**
**મામલતદાર અને**
**એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ**
**ભેંસાણ**

## મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૪૧/૨૦૨૬

શ્રી મહેશ વિનુભાઈ ગુજરાતી,
રહે.મેસપર, તા.ગોંડલ, જિ.રાજકોટ ૩૬૦૩૧૧
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - વિશળ હળમતીયા
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મહેશ વિનુભાઈ ગુજરાતી દ્વારા તેઓના માતૃશ્રીના દાદા અને નાનાશ્રીના પિતા (એટલે કે અમારા માતૃશ્રીના દાદા અને નાનાશ્રીના પિતા) શ્રી સીદાભાઈ કચરાભાઈ ખાંટ સાખે કંડોળીયાનું અવસાન તા.૦૧/૦૩/૧૯૮૦ના રોજ ગામ મોજેઃ વિશળ હળમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી - વિશળ હળમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૩ મી માહે : મે સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

**સહી,**
**(આઈ.આર. પારગી)**
**મામલતદાર અને**
**એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ**
**ભેંસાણ**

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૪૮/૨૦૨૬ તા.૨૧/૦૪/૨૦૨૬

શ્રી રાજેશભાઈ કેશવલાલ કામદાર
રહે.બ્લોક નં.સી/૨૦૩, ગિરીરાજ નગર, જે.એમ.સી. નગર,
રૈયા ચોકડી પાસે, રૈયા રોડ, તા./જી.રાજકોટ ........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી,
નગરપાલીકા વિસાવદર તા.વિસાવદર .........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી રાજેશભાઈ કેશવલાલ કામદાર રહે. રાજકોટ તા./જી. રાજકોટ એ તેમની બહેનશ્રી છાયાબેન કેશુભાઈ કામદારનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૮ ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ઓફીસરશ્રી, નગરપાલીકા વિસાવદર, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ઓફીસરશ્રી, નગરપાલીકા વિસાવદર, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૧ મી એપ્રીલ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

**તૈયાર કરનાર** / **સહી.** / **(પી.વી. શિંગડીયા)** / **નાયબ મામલતદાર** / **વિસાવદર**

કોર્ટનો સિક્કો

**હુકમથી** / **સહી.** / **(આર.એન.ખોડભાયા)** / **એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ** / **વિસાવદર**

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૫૨/૨૦૨૬ તા.૦૮/૦૫/૨૦૨૬

શ્રી અરજણભાઈ તેજાભાઈ પટેલ
રહે.ભલગામ, તા. વિસાવદર, જી.જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી,
ભલગામ, તા. વિસાવદર, જી.જુનાગઢ .........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી અરજણભાઈ તેજાભાઈ પટેલ રહે. ભલગામ, તા. વિસાવદર, જી. જુનાગઢ એ તેમનો જન્મ તા.૧૦/૦૭/૧૯૫૭ ના રોજ વિસાવદર તાલુકાના ભલગામ ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ભલગામ, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ભલગામ, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૮ મી મે ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

**તૈયાર કરનાર** / **સહી.** / **(પી.વી. શિંગડીયા)** / **નાયબ મામલતદાર** / **વિસાવદર**

**હુકમથી** / **સહી.** / **(આર.એન.ખોડભાયા)** / **એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ** / **વિસાવદર**

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૫૦/૨૦૨૬ તા.૦૮/૦૫/૨૦૨૬

શ્રી નટુભાઈ નાગજીભાઈ રીબડીયા
રહે. પ્રેમપરા, તા. વિસાવદર, જી.જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી,
પ્રેમપરા, તા. વિસાવદર, જી.જુનાગઢ .........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી નટુભાઈ નાગજીભાઈ રીબડીયા રહે. પ્રેમપરા, તા. વિસાવદર, જી. જુનાગઢ એ તેમનો જન્મ તા.૦૭/૦૫/૧૯૫૯ ના રોજ વિસાવદર તાલુકાના પ્રેમપરા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, પ્રેમપરા, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, પ્રેમપરા, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૮ મી મે ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

**તૈયાર કરનાર** / **સહી.** / **(પી.વી. શિંગડીયા)** / **નાયબ મામલતદાર** / **વિસાવદર**

**હુકમથી** / **સહી.** / **(આર.એન.ખોડભાયા)** / **એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ** / **વિસાવદર**

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૪૯/૨૦૨૬ તા.૦૮/૦૫/૨૦૨૬

શ્રી ઓતીબેન નારણભાઈ મેરૂલીયા
રહે. પ્રેમપરા, તા. વિસાવદર, જી.જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી,
પ્રેમપરા, તા. વિસાવદર, જી.જુનાગઢ .........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી ઓતીબેન નારણભાઈ મેરૂલીયા રહે. પ્રેમપરા, તા. વિસાવદર, જી. જુનાગઢ એ તેમની પુત્રી રસીલાબેન નારણભાઈ મેરૂલીયા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૧ ના રોજ વિસાવદર તાલુકાના પ્રેમપરા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, પ્રેમપરા, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, પ્રેમપરા, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૮ મી મે ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

**તૈયાર કરનાર** / **સહી.** / **(પી.વી. શિંગડીયા)** / **નાયબ મામલતદાર** / **વિસાવદર**

**હુકમથી** / **સહી.** / **(આર.એન.ખોડભાયા)** / **એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ** / **વિસાવદર**

# કોડીનારના અરણેજ ગામે ૮ વર્ષની બાળકીને દીપડાએ ફાડી ખાધી

ઉના,તા.૧૪

કોડીનાર તાલુકાના અરણેજ ગામે દીપડાના હુમલામાં આઠ વર્ષની બાળકીનું કરુણ મોત થયું છે. બાળકી પોતાના વાડી વિસ્તારના મકાનથી મોટા બાપાના ઘરે જઈ રહી હતી ત્યારે દીપડાએ હુમલો કર્યો હતો. ત્રણ કલાકની શોધખોળ બાદ બાળકીનો મૃતદેહ બાજરીના ખેતરમાંથી મળી આવ્યો હતો. આ ઘટના રાત્રે આશરે ૮:૩૦ વાગ્યાની આસપાસ બની હતી. અરણેજ



ગામના બીડીના પા વિસ્તારમાં રહેતા ખેડૂત મહેશભાઈ રામભાઈ ગોહિલની આઠ વર્ષની દીકરી કોમલ અને તેની ૧૨ વર્ષની મોટી બહેન વિશ્વા, બંને પોતાના વાડી વિસ્તારના મકાનથી આશરે ૨૦૦ મીટર દૂર આવેલા મોટા બાપાના મકાને એક પ્રસંગમાં જઈ રહી હતી.મોટી બહેન વિશ્વા આગળ હતી અને કોમલ પાછળ ચાલી રહી હતી. તે સમયે અચાનક દીપડાએ કોમલ પર હુમલો કર્યો અને તેને પોતાના જડબામાં ફસાવી મકાન પાસેના બાજરીના ખેતરમાં નાસી ગયો. વિશ્વાએ દેકારો મચાવતા ઘરના લોકો અને ગામના યુવાનો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. વન વિભાગને જાણ કરાતા જામવાળા વન વિભાગની ટીમો પણ પહોંચી હતી.આશરે ત્રણ કલાકની જહેમત બાદ બાળકીનો મૃતદેહ ઘર નજીકના બાજરીના ખેતરમાંથી મળી આવ્યો હતો. વન વિભાગ દ્વારા મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. આદમખોર બનેલા દીપડાને પકડવા માટે વન વિભાગે પાંજરા ગોઠવ્યા છે અને દીપડાનું લોકેશન મેળવવા કવાયત હાથ ધરી છે.

# પ.બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનરજી કાળો કોટ પહેરી હાઈકોર્ટ પહોંચતા 'ચોર-ચોર'ના નારા લાગ્યા

કોલકાત્તા,તા.૧૪

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી ફરી એકવાર વકીલનો કાળો કોટ પહેરીને કોર્ટમાં કાયદાકીય દલીલો કરતા જોવા મળ્યા હતા. ગુરુવારે તેઓ કલકત્તા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સુજોય પાલ અને ન્યાયમૂર્તિ પાર્થસારથી સેનની ખંડપીઠ સમક્ષ વ્યક્તિગત રીતે હાજર થયા હતા. આ સમગ્ર મામલો રાજ્યમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ ફાટી નીકળેલી



કથિત હિંસા અંગેની જનહિત અરજી સાથે સંબંધિત હતો. ઉલ્લેખનીય છે કે ઉત્તરપારા વિધાનસભા બેઠક પરથી પરાજિત થયેલા ઉમેદવાર શીર્ષાન્ય બંદ્યોપાધ્યાયે ૧૨ મેના રોજ આ પિટિશન દાખલ કરી હતી, જેમાં સત્તારૂઢ પક્ષના કાર્યકરો સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. ન્યાયિક કાર્યવાહી દરમિયાન મમતા બેનર્જીએ બેન્ચ સમક્ષ રજૂઆત કરી હતી કે રાજ્યમાં ચૂંટણી બાદ મોટા પાયે હિંસાની ઘટનાઓ બની છે અને તેમાં બુલડોઝરની કાર્યવાહી જેવી અત્યંત કડક પધ્ધતિઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. જોકે, સુનાવણી બાદ જ્યારે મમતા બેનર્જી કોર્ટ રૂમની બહાર નીકળ્યા ત્યારે સ્થિતિ તંગ બની હતી. કોરિડોરમાં એકઠા થયેલા વકીલોના ટોળાએ તેમને ઘેરી લીધા હતા અને તેમના વિરુધ્ધ 'ચોર-ચોર'ના નારા લગાવવાનું શરૂ કર્યું હતું.

# યુપી જીએસટી વસૂલાતમાં દેશમાં બીજા ક્રમે, એપ્રિલમાં ૧૦,૧૭૮ કરોડનું કર્યુ કલેક્શન


લખનૌ, તા. ૧૪

ઉત્તર પ્રદેશે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ મહિના એપ્રિલમાં જીએસટી વસૂલાતમાં મોટું સિધ્ધિચિહ્ન હાંસલ કર્યું છે. રાજ્યએ ૧૦,૧૭૮ કરોડ રૂપિયાનું જીએસટી કલેક્શન કરીને દેશમાં બીજું સ્થાન મેળવ્યું છે. આ સાથે ઉત્તર પ્રદેશે કર્ણાટક, ગુજરાત અને તમિલનાડુ જેવા મોટા ઔદ્યોગિક રાજ્યોને પાછળ મૂક્યા છે. આંકડા મુજબ મહારાષ્ટ્ર ૨૨,૯૨૯ કરોડ રૂપિયાના કલેક્શન સાથે પ્રથમ સ્થાને રહ્યું. દેશભરમાં એપ્રિલ ૨૦૨૬ દરમિયાન કુલ ૨.૪૨ લાખ કરોડ રૂપિયાનું રેકોર્ડ જીએસટી કલેક્શન નોંધાયું હતું. નિષ્ણાતોના મતે આયાતમાં વધારો, સ્થાનિક બજારમાં માંગ, ઔદ્યોગિક રોકાણ અને ડિજિટલ ટેક્સ સિસ્ટમના મજબૂત અમલને કારણે વસૂલાતમાં વધારો નોંધાયો છે. રાજ્ય કર વિભાગે જણાવ્યું કે એસજીએસટી વસૂલાતમાં ગયા વર્ષની સરખામણીમાં ૪૬ ટકા વધારો થયો છે.

# બીજાપુરમાં નક્સલીઓ સામે મોટી કાર્યવાહી, ૬૫ લાખથી વધુ રોકડ સાથે હથિયારો અને વિસ્ફોટકો જપ્ત

બીજાપુર, તા. ૧૪

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળોએ નક્સલીઓ સામે મોટી કાર્યવાહી હાથ ધરી છે. છેલ્લા બે અઠવાડિયામાં જંગલ વિસ્તારમાં આવેલા માઓવાદી ઠેકાણાઓમાંથી ૬૫.૫૨ લાખ રૂપિયાની રોકડ, મોટી સંખ્યામાં હથિયારો, દારૂગોળો અને વિસ્ફોટકો જપ્ત કરવામાં આવ્યા



છે. પોલીસ અધિક્ષક જિતેન્દ્ર કુમાર યાદવ એ જણાવ્યું કે જિલ્લા પોલીસ, ડીઆરજી, એસટીએફ, સીઆરપીએફ અને કોબ્રા દળે સંયુક્ત સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ગ્રામજનોના સહયોગ અને ગુપ્તચર માહિતીના આધારે જંગલોમાં છુપાયેલા નક્સલીઓના અનેક ઠેકાણા શોધી કાઢવામાં આવ્યા હતા. જપ્ત કરાયેલા હથિયારોમાં લાઈટ મશીનગન, સેલ્ફ-લોડિંગ રાઈફલ, કાર્બાઈન, .૩૦૩ અને .૩૧૫ રાઈફલ્સ, ગ્રેનેડ લોન્ચર તથા અન્ય શસ્ત્રોનો સમાવેશ થાય છે. ઉપરાંત એમોનિયમ નાઈટ્રેટ અને યુરિયા જેવા વિસ્ફોટક પદાર્થો પણ મળી આવ્યા હતા, જેને સુરક્ષા ધોરણો અનુસાર નષ્ટ કરવામાં આવ્યા છે.

# પં.બંગાળમાં ટીએમસી નેતાના ઘરેથી વૈભવી ગુપ્ત ભોંયરું મળ્યું


કોલકાતા, તા. ૧૪

પશ્ચિમ બંગાળના હાવડાના શિબપુર વિસ્તારમાં પોલીસે ટીએમસી નેતા શમીમ અહેમદના ઘરે દરોડા પાડતાં ચોંકાવનારા ખુલાસા થયા છે. ચાર માળની ઈમારતમાં છુપાયેલું વૈભવી ગુપ્ત ભોંયરું મળી આવ્યું હતું, જેમાં મોંઘાં ફર્નિચર, બ્રાન્ડેડ વસ્તુઓ, સીસીટીવી સિસ્ટમ અને આધુનિક સુવિધાઓ જોવા મળી હતી. પોલીસ અનુસાર, બહારથી સામાન્ય દેખાતું ઘર અંદરથી મહેલ જેવી વૈભવી સજાવટ ધરાવતું હતું. તપાસ દરમિયાન ગુપ્ત દરવાજા અને ભોંયરામાં જતો માર્ગ મળ્યો હતો. ભોંયરામાં બેડરૂમ, લિવિંગ રૂમ, રસોડું અને બાથરૂમ સહિતની સુવિધાઓ હતી. બાથરૂમમાં વિશાળ બાથટબ પણ મળી આવ્યું હતું. સ્થાનિક સ્તરે એવી ચર્ચા ચાલી રહી છે કે ત્યાં સોનાના પેનલવાળો પલંગ પણ હતો, જોકે પોલીસે તેની સત્તાવાર પુષ્ટિ કરી નથી.

# વૈશ્વિક અસ્થિરતા વચ્ચે બ્રિક્સની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ : વિદેશમંત્રી એસ. જયશંકર

દિલ્હી, તા. ૧૪

બ્રિક્સ વિદેશ મંત્રીઓની બેઠક દરમિયાન ભારતના વિદેશ મંત્રી જી. જયશંકરે જણાવ્યું હતું કે બ્રિક્સ સંગઠનની વર્તમાન ગતિને વધુ મજબૂત બનાવવાની જરૂર છે. તેમણે કહ્યું કે અત્યાર સુધીમાં ૮૦થી વધુ બ્રિક્સ બેઠકો યોજાઈ ચૂકી છે, જેમાં તમામ સભ્ય દેશોએ સક્રિય ભાગ લીધો છે. જયશંકરે



જણાવ્યું કે આ બેઠકો દ્વારા વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધ્યો છે અને પરસ્પર સંવાદને નવી દિશા મળી છે. ભારત અધ્યક્ષ દેશ તરીકે વધુ સમાવેશી અને સહકારી બ્રિક્સ માળખું ઊભું કરવા માટે ભાગીદાર દેશો સાથે સતત ચર્ચા કરી રહ્યું હોવાનું પણ તેમણે કહ્યું. વિદેશ મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે નવા સભ્ય દેશોએ બ્રિક્સના મહત્વપૂર્ણ મુદ્દાઓ પર બનેલી સર્વસંમતિને સંપૂર્ણપણે સમજવી અને તેનું સમર્થન કરવું જરૂરી છે, જેથી સંગઠનની કામગીરી વધુ સુગમ બની શકે. તેમણે કહ્યું કે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં યુધ્ધ, આર્થિક અસ્થિરતા તેમજ વેપાર અને ટેકનોલોજી સંબંધિત પડકારો વચ્ચે બ્રિક્સ દેશોની ભૂમિકા પહેલા કરતાં વધુ મહત્વપૂર્ણ બની છે. ઉભરતા બજારો અને વિકાસશીલ દેશો હવે વૈશ્વિક સ્થિરતા માટે બ્રિક્સ તરફ આશાભરી નજરે જોઈ રહ્યા છે.

# એનસીપીના ૨૨ ધારાસભ્યો ભાજપમાં જોડાય તેવી સંભાવના : રોહિત પવારના દાવાથી ખળભળાટ

મુંબઈ, તા. ૧૪

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર ભારે ગરમાવો આવ્યો છે. રોહિત પવારએ દાવો કર્યો છે કે એનસીપીના ૨૨ ધારાસભ્યો ભાજપમાં જોડાઈ શકે છે. તેમના આ નિવેદનથી રાજ્યના રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા શરૂ થઈ છે. રોહિત પવારે એવો પણ દાવો કર્યો કે સુનિલ ઠાકરે અને પ્રફુલ પટેલ ભાજપની ટિકિટ પર ચૂંટણી લડવાની




તૈયારી કરી રહ્યા છે. આ નિવેદન એનસીપીની નવી રાષ્ટ્રીય કારોબારી સમિતિની યાદી જાહેર થયા બાદ આવ્યું છે, જેમાં શરૂઆતમાં બંને નેતાઓના નામ સામેલ ન થતાં વિવાદ ઊભો થયો હતો. બાદમાં પાર્ટીએ તેને ટેકનિકલ ભૂલ ગણાવી સુધારેલી યાદી જાહેર કરી હતી. સુનિલ તટકરેની શરદ પવાર સાથે થયેલી મુલાકાત બાદ રાજકીય અટકળો વધુ તેજ બની હતી. જોકે તટકરેએ સ્પષ્ટતા કરી હતી કે આ મુલાકાત માત્ર સૌજન્ય મુલાકાત હતી અને તેમાં કોઈ રાજકીય ચર્ચા થઈ નહોતી. રાજકીય વિશ્લેષકોના મતે હાલ મહાયુતિ સરકાર સ્થિર રીતે ચાલી રહી છે અને એનસીપીમાં રાજકીય ફેરફારની શક્યતા ઓછી દેખાઈ રહી છે.

# દિલ્હીમાં ખાનગી બસમાં મહિલા પર સામૂહિક બળાત્કારથી ખળભળાટ

નવીદિલ્હી, તા.૧૪

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં એક શરમજનક ઘટના સામે આવી છે. ખાનગી બસમાં મહિલાને લઈ જઈ તેના પર સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હોવાનો આરોપ છે. ઘટનાની જાણ થતાં દિલ્હી પોલીસે ઝડપી કાર્યવાહી કરીને બસના ડ્રાઈવર અને કંડક્ટરની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર,



આરોપીઓ મહિલાને રાની બાગ વિસ્તારમાંથી બસમાં બેસાડી નાંગલોઈ વિસ્તારમાં લઈ ગયા હતા, જ્યાં તેના પર દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. પીડિતા પરિણીત છે અને તેને ત્રણ બાળકો છે. તબીબી તપાસ બાદ રાની બાગ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. પોલીસે ઘટનામાં વપરાયેલી ખાનગી બસ પણ જપ્ત કરી છે. અહેવાલો મુજબ બસ બિહાર રાજ્યમાં નોંધાયેલી હતી. હાલ પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.

# કર્ણાટકમાં હિજાબ-પાઘડી સહિત ધાર્મિક પ્રતીકોને મંજૂરી, ડ્રેસ કોડનો આદેશ રદ


બેંગલુરુ, તા. ૧૪

કર્ણાટક સરકારે શાળાઓ અને કોલેજોમાં ડ્રેસ કોડ સંબંધિત ૨૦૨૨નો વિવાદાસ્પદ આદેશ પાછો ખેંચી લીધો છે. નવા નિર્દેશ મુજબ હવે વિદ્યાર્થીઓ ગણવેશ સાથે હિજાબ, સ્કાર્ફ, પાઘડી, પવિત્ર દોરા, શિવધારા અને રુદ્રાક્ષની માળા જેવા મર્યાદિત ધાર્મિક અને પરંપરાગત પ્રતીકો પહેરી શકશે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે આવા પ્રતીકોને કારણે કોઈ વિદ્યાર્થીને વર્ગખંડ, શૈક્ષણિક સંસ્થા અથવા પરીક્ષા ખંડમાં પ્રવેશથી વંચિત રાખી શકાશે નહીં. જોકે, આ પ્રતીકો ગણવેશનું સ્થાન લઈ શકશે નહીં તેમજ શિસ્ત, સુરક્ષા અને ઓળખમાં અવરોધ પણ ઉભો ન કરવો જોઈએ. નિર્દેશમાં જણાવાયું છે કે કોઈપણ વિદ્યાર્થીને ધાર્મિક પ્રતીકો પહેરવા માટે બળજબરી કરી શકાશે નહીં અને તેમને બળજબરીથી દૂર પણ કરાવી શકાશે નહીં.

# પશ્ચિમ બંગાળમાં જાહેરમાં પશુ કતલ પર પ્રતિબંધ ફરમાવતી સુવેન્દુ સરકાર

કોલકાતા, તા. ૧૪

પશ્ચિમ બંગાળ સરકારે પશુ કતલ અંગે કડક નિયમો લાગુ કરતાં નવી સુધારેલી નોટિસ જાહેર કરી છે. નવા આદેશ મુજબ હવે કોઈપણ ગાય કે ભેંસની કતલ માટે સત્તાવાર પ્રમાણપત્ર ફરજિયાત રહેશે. ઉપરાંત જાહેર સ્થળોએ ખુલ્લામાં પશુ કતલ કરવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે અધિકૃત



અધિકારીની મંજૂરી વિના પ્રાણીની કતલ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ પગલું કાયદો-વ્યવસ્થા, સ્વચ્છતા અને નિયમોના પાલન માટે લેવામાં આવ્યું હોવાનું જણાવાયું છે. રાજ્ય સરકારે મ્યુનિસિપલ કોર્પોરેશન અને સ્થાનિક વહીવટીતંત્રને દેખરેખ વધારવા તથા નિયમોના કડક અમલ માટે સૂચના આપી છે. આગામી દિવસોમાં કતલખાનાઓના નિરીક્ષણ માટે વિશેષ અભિયાન શરૂ થવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે.

## મામલતદાર અને એક્ઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૪૫/૨૦૨૬

શ્રી પરસોતમભાઈ પરબતભાઈ પાનસુરીયા,
રહે.ચણાકા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ

........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ચણાકા
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી પરસોતમભાઈ પરબતભાઈ પાનસુરીયા દ્વારા તેઓના પુત્રીશ્રી શ્રધ્ધાનો જન્મ તા.૨૧/૦૮/૧૯૯૮ના રોજ ગામ મોજેઃ ચણાકા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી - ચણાકા, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૩ મી માહે : મે સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

## મામલતદાર અને એક્ઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૪૬/૨૦૨૬

શ્રી મુક્તાબેન હિરજીભાઈ વઘાસીયા વા/ઓ મગનભાઈ હરખાણી,
રહે.સેરત, ઠે.૪૨, નરવેદસાગર સોસાયટી, પુણાગામ, ચોરાસી સુરત

........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ખજુરી હડમતીયા
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મુક્તાબેન હિરજીભાઈ વઘાસીયાનો જન્મ તા.૧૬/૧૨/૧૯૬૧ના રોજ ગામ મોજેઃ ખજુરી હડમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી - ખજુરી હડમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૩ મી માહે : મે સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૫૮/૨૬ તા.૦૭/૦૫/૨૦૨૬

**વિવાદી :-** **શ્રી જોગાણી નાથાભાઈ દેવસીભાઈ**
**રહે.કેરાળા, તા.લાઠી, જી.અમરેલી મો.૯૯૧૩૬ ૮૮૦૯૫**
**અરજદારશ્રીના વિ.વ.શ્રી હિરલ એન. ડેર એડવોકેટ**
**મુ. લાઠી, મો.૭૪૩૬૦ ૦૧૬૧૨**

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રી શ્રી
મુ.કેરાળા, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. કેરાળા ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પુત્રનો જોગાણી મહેશભાઈ નાથાભાઈનો જન્મ તા.૨૫/૦૨/૧૯૯૬ ના રોજ કેરાળા, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૦/૦૩/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧/૦૫/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## મામલતદાર અને એક્ઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૩૯/૨૦૨૬

શ્રી પ્રભાબેન લાલજીભાઈ સાવલીયા વા./ઓફ. ભીખાભાઈ શંભુભાઈ દેસાઈ
રહે.વાંદરવડ, તા. ભેસાણ જી.જુનાગઢ

........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - વાંદરવડ
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી પ્રભાબેન લાલજીભાઈ સાવલીયાનો જન્મ તા.૨૫/૦૪/૧૯૬૯ના રોજ ગામ/મોજેઃ વાંદરવડ, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - વાંદરવડ, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૩ મી માહે : મે સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

# રાજુલાના ખાખબાઈ ગામ પાસે ધાતરવડી નદીમાં ડૂબી જવાથી બે બાળકોના મોત




અમરેલી,તા.૧૪

રાજુલામાં ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં રાજુલાના ખાખબાઈ ગામ પાસે ધાતરવડી નદીમાં ડૂબી જવાથી બે બાળકોના મોત નીપજ્યા છે. બાળકો ડૂબ્યા હોવાની જાણ થતાં સરપંચ, સ્થાનિકો ઘટનાસ્થળે દોડી પહોંચ્યા હતા. જેમાં તરવૈયાની મદદથી બંને બાળકોને નદીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ, રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે ૪૨ ડિગ્રી તાપમાન વચ્ચે રાજુલાના ખાખબાઈ ગામ નજીક ધાતરવડી નદીમાં બે બાળકો નહાવા પડ્યા હતા. આ દરમિયાન નદીના ઊંડા પાણીમાં બંને બાળકો અચાનક ડૂબ્યા હતા. આ મામલે ખાખબાઈ ગામના સરપંચ અને ગામ લોકોને જાણ થતાં તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ત્યાસુધીમાં બંનેના પાણીમાં ડૂબવાથી મોત નીપજ્યા હતા. સ્થાનિક યુવાનો દ્વારા બંને બાળકોના મૃતદેહને બહાર કાઢી રાજુલા સરકારી હોસ્પિટલમાં પી.એમ માટે ખસેડવામાં આવ્યા છે.

# ચોટીલા-લીંબડી હાઈવે પર ત્રિપાંખિયા અકસ્માતમાં ૪નાં મોત, ૧૦થી વધુ ઈજાગ્રસ્ત



અમદાવાદ,તા.૧૪

રાજકોટ-અમદાવાદ હાઈવે પર લીંબડીના સાંગાણી ગામ પાસે મોડી રાત્રે એક કમકમાટીભર્યો અકસ્માત સર્જાયો હતો. ડામર ભરેલા ટેન્કરનું ટાયર ફાટતા તે રસ્તા પર ઉભું હતું, ત્યારે અમદાવાદથી જૂનાગઢ જતી મધુરમ ટ્રાવેલ્સની બસ પૂરપાટ ઝડપે તેની પાછળ અથડાઈ હતી. આ અથડામણ એટલી ભીષણ હતી કે ટેન્કરમાંથી ગરમ ડામર લીક થઈ બસ પર રેલાયો હતો, જેના કારણે બસમાં તુરંત વિકરાળ આગ ફાટી નીકળી હતી.

આ દુર્ઘટનામાં ૪ મુસાફરોનાં ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે ૧૦થી વધુ લોકો ગંભીર રીતે દાઝી જવાથી ઈજાગ્રસ્ત થયા છે. બસમાં સવાર મુસાફરો પર ગરમ ડામર પડતા તેઓ ગંભીર રીતે દાઝ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ચોટીલા અને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામ સર્જાયો હતો અને પોલીસ હાલ વધુ તપાસ ચલાવી રહી છે.

# કચ્છમાં મજૂર આંદોલન : ગરમીમાં ૮ કલાકની નોકરી અને સુરક્ષાની કરી માંગ



ભુજ,તા.૧૪

ભચાઉના કુંજીસર પાસે ખાનગી કંપનીના મજૂરોએ શહીદ ભગતસિંહ સેનાના નેજા હેઠળ વિરોધ શરૂ કર્યો છે. ૪૪ ડિગ્રી ગરમી વચ્ચે મજૂરો ૮ કલાકની નિશ્ચિત નોકરી, પૂરતા સુરક્ષા સાધનો અને છૂટા કરાયેલા કર્મચારીઓને પરત લેવાની માંગ કરી રહ્યા છે. મજૂરોનો આક્ષેપ છે કે મેનેજમેન્ટ દ્વારા પક્ષપાત અને અન્યાયી વલણ દાખવવામાં આવે છે. જ્યાં સુધી પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચીમકી અપાઈ છે.

# રાજયમાં આ વર્ષે ચોમાસુ નિર્ધારીત સમય કરતા વહેલુ આવે તેવી હવામાન વિભાગની આગાહી



અમદાવાદ, તા.૧૪

ગુજરાતમાં ગરમીનો પારો ૪૨ ડિગ્રીને પાર પહોંચ્યો છે ત્યારે હવામાન વિભાગે ખેડૂતો અને સામાન્ય જનતા માટે રાહતના સમાચાર આપ્યા છે. આ વર્ષે દેશમાં ચોમાસું નિર્ધારિત સમય કરતાં વહેલું બેસવાની શક્યતા છે. હવામાન વિભાગના પૂર્વાનુમાન મુજબ, આંદામાનમાં ૧૬ મેના રોજ ચોમાસાનું આગમન થઈ શકે છે, જે સામાન્ય રીતે ૧૮ મેના રોજ બેસતું હોય છે.

આંદામાન બાદ ચોમાસું કેરળ તરફ આગળ વધશે અને ત્યારબાદ ગુજરાતમાં ૧૫ જૂન સુધીમાં સત્તાવાર રીતે ચોમાસું બેસવાનું અનુમાન છે. જો ચોમાસું વહેલું આવશે તો છેલ્લા ઘણા સમયથી અસહ્ય ગરમી સહન કરી રહેલા લોકોને મોટી રાહત મળશે. ખેતી માટે પણ આ સમાચાર આશાસ્પદ માનવામાં આવે છે. રાજ્યના વિવિધ ભાગોમાં અત્યારે કાળઝાળ ગરમી પડી રહી છે, પરંતુ જૂન મહિનાના મધ્ય સુધીમાં મેઘરાજાની પધરામણી થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જશે. હવામાન વિભાગ આ સમગ્ર ગતિવિધિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે.


# ગોધરામાં મકાન તોડવાની કામગીરી દરમિયાન દિવાલ પડતા પિતા-પુત્રના મોત



ગોધરા,તા.૧૪

ગોધરાના ચીઠિયાવાડ વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના બની છે, જ્યાં જૂનું મકાન તોડવાની કામગીરી દરમિયાન અચાનક દીવાલ ધરાશાયી થતા પિતા અને તેમના ૪ વર્ષના નિર્દોષ પુત્રનું કાટમાળ નીચે દબાઈ જવાથી કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. દયાળ ગામના શ્રમિક કાળુ ઝાલૈયા મજૂરીકામ માટે પોતાના પુત્ર કિશનને સાથે લાવ્યા હતા, પરંતુ કુદરતને કંઈક બીજું જ મંજૂર હતું. કામ દરમિયાન અચાનક દીવાલ ધસી પડતા બંને ગંભીર રીતે દબાઈ ગયા હતા. આસપાસના લોકોએ મદદ માટે દોડી આવી બચાવ કામગીરી હાથ ધરી હોવા છતાં, ગંભીર ઈજાઓને કારણે પિતા-પુત્રએ ઘટનાસ્થળે જ દમ તોડ્યો હતો.

# કંડલા પોર્ટ પર જહાજમાં ગેસ ગૂંગળામણને કારણે ત્રણ શ્રમિકોના કરૂણ મોત નિપજ્યા



ભુજ,તા.૧૪

કચ્છના દીનદયાળ પોર્ટ (કંડલા)ના બર્થ નંબર-૧૩ પર આજે એક અત્યંત કરૂણ ઘટના બની હતી. 'એમ વી પાન ઓપ્ટિમમ' નામના જહાજમાં માલસામાન ઉતારવાની કામગીરી દરમિયાન ત્રણ શ્રમિકોના મોત નીપજતા અરેરાટી વ્યાપી ગઈ છે. મૃતકોની ઓળખ રાજેશ, માસુક અલી અને રાજ કુમાર તરીકે થઈ છે, જેઓ ઋષિ શિપિંગ હેઠળ કાર્યરત હતા. પ્રાપ્ત વિગતો મુજબ, જહાજના કાર્ગો હોલ્ડ નંબર-૦૩ પાસે આ ત્રણેય શ્રમિકો બેભાન હાલતમાં મળી આવ્યા હતા. તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક અનુમાન મુજબ, કાર્ગો હોલ્ડમાં ઓક્સિજનની અછત અથવા ઝેરી ગેસના લીકેજને કારણે આ ગૂંગળામણ થઈ હોઈ શકે છે. હાલમાં પોલીસ અને પોર્ટ સત્તાવાળાઓ દ્વારા સુરક્ષા વ્યવસ્થામાં કોઈ બેદરકારી હતી કે કેમ તે અંગે ઉચ્ચ સ્તરીય તપાસ હાથ ધરવામાં આવી છે.

# મહેસાણા કોર્ટનો ઐતિહાસિક ચુકાદો: ત્રિપલ તલાક આપનાર પતિને ૧ વર્ષની જેલ, રૂ. ૩૦૦૦નો દંડ



મહેસાણા,તા.૧૪

મહેસાણામાં ત્રિપલ તલાક વિરોધી કાયદા હેઠળ જ્યુડિશિયલ કોર્ટે એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. પત્ની રિઝવાનાબાનુને શારીરિક-માનસિક ત્રાસ આપી, ત્રણ વાર 'તલાક' બોલી બે બાળકો સાથે તરછોડી દેનાર પતિ ઈમરાન મન્સૂરીને કોર્ટે દોષિત ઠેરવ્યો છે. અદાલતે આરોપીને ૧ વર્ષની કેદ અને વિવિધ કલમો હેઠળ કુલ રૂ. ૧૦,૦૦૦નો દંડ ફટકાર્યો છે.

આ કેસમાં પીડિતાએ હિંમત દાખવી મહેસાણા મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. સરકાર પક્ષ અને ફરિયાદીના વકીલની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટે નોંધ્યું કે નવા કાયદા હેઠળ ત્રિપલ તલાક ગેરકાનૂની છે. ચુકાદા બાદ પીડિતાએ ન્યાયતંત્ર અને કેન્દ્ર સરકારનો આભાર માન્યો હતો. આ ચુકાદો સમાજમાં મહિલાઓના રક્ષણ અને કાયદાના શાસનનો મજબૂત સંદેશ આપે છે. જો આરોપી દંડ ભરવામાં નિષ્ફળ જશે, તો તેણે વધુ બે માસની જેલ ભોગવવી પડશે.

# અમદાવાદ આવેલા કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનો એનએસયુઆઈએ કાળા વાવટા ફરકાવી વિરોધ કર્યો

અમદાવાદ,તા.૧૪

દેશભરમાં NEET પરીક્ષા પેપર લીકને લઈને લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, ત્યારે કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની આજની અમદાવાદની મુલાકાત દરમિયાન વિવાદના દૃશ્યો જોવા મળ્યા હતા. પેપર લીક કાંડ બાદ મંત્રીની આ મુલાકાતને ખૂબ જ ગુપ્ત રાખવામાં આવી હતી, છતાં NSUI દ્વારા વિરોધ પ્રદર્શનની ચીમકી મળતા તંત્ર સતર્ક થઈ ગયું હતું અને મંત્રીના કાફલાને રોકવા આવેલા કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી.સામાન્ય રીતે કેન્દ્રીય શિક્ષણમંત્રીના કાર્યક્રમની વિગતો મીડિયામાં જાહેર કરવામાં આવતી હોય છે, પરંતુ NEET પેપર લીક વિવાદના પગલે આ વખતે કાર્યક્રમને સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવ્યો હતો. કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન આજે અમદાવાદમાં IIM ખાતે એક ખાનગી કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચ્યા હતા. જોકે, આ કાર્યક્રમની જાણ થતા જ NSUIના કાર્યકરો સક્રિય થઈ ગયા હતા અને તેમણે મંત્રીનો વિરોધ કર્યો હતો.

# મહેસાણામાં ગાયક કલાકારે લગ્નની લાલચ આપી યુવતીને ગર્ભવતી બનાવતા ચકચાર

મહેસાણા,તા.૧૪

મહેસાણા જિલ્લામાં માનવતાને શર્મસાર કરતી એક ઘટના સામે આવી છે, જેમાં વનરાજ ઠાકોર નામના શખ્સે એક ગાયક કલાકાર યુવતી સાથે છેતરપિંડી કરી દુષ્કર્મ આચર્યું છે. આરોપીએ પોતાની જાતને અપરિણીત હોવાનું જણાવી યુવતીને લગ્નની લાલચ આપી હતી. છેલ્લા એક વર્ષથી તે યુવતીનું શારીરિક અને માનસિક શોષણ કરતો રહ્યો.જ્યારે પીડિતા ગર્ભવતી બની, ત્યારે આરોપીની અસલિયત સામે આવી કે તે પહેલેથી જ પરિણીત છે. આરોપીએ યુવતી પર ગર્ભપાત કરાવવાનું દબાણ કર્યું અને ત્યારબાદ ફરાર થઈ ગયો. આ આઘાતજનક ઘટના બાદ પીડિતાએ હિંમત ભેગી કરી મહેસાણા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# સરકારે મંજૂરી આપતા રાજયમાં વ્યાયામ શિક્ષકોની ભરતી કરાશે



અમદાવાદ,તા.૧૪

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની ભરતી કરવામાં આવશે. મુખ્યમંત્રીની મંજૂરી બાદ રાજ્યમાં કુલ ૧,૧૪૧ વ્યાયામ શિક્ષકોની સીધી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ભરતી માટે ઉમેદવારોની પસંદગી SAT (School Aptitude Test) પરીક્ષાના મેરીટ આધારે કરવામાં આવશે. શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા પ્રસ્તાવ અનુસાર, રાજ્યની શાળાઓમાં શારીરિક શિક્ષણનું સ્તર મજબૂત બનાવવા અને રમતગમત પ્રવૃત્તિઓને વેગ આપવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. લાંબા સમયથી ખાલી પડેલી જગ્યાઓને ધ્યાનમાં રાખીને ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.





